RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 66* Date: 01.01.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## પોલીસ બેન્ડ, રંગબેરંગી બલૂન, આતશબાજી, ડી.જે.ના તાલે વાઇબ્રન્ટ ગાલા રોડ શો બન્યો અભૂતપૂર્વ

# મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનું રાજકોટમાં આગમન - ભવ્ય સ્વાગત કરાયું



### નવસારીના સાંસદ અને ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ તેમજ મંત્રીશ્રીઓ રોડ-શો અભિવાદનમાં સહભાગી થયા

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનું સુસાશન સતાહના રાજ્યકક્ષાના સમાપન સમારોહ ના ભાગરૂપે રાજકોટ ખાતે આગમન થતા એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી સાથે નવસારીના સાંસદ અને ભાજપ અધ્યક્ષ શ્રી સી.આર. પટેલ તેમજ રાજ્ય મંત્રીમંડળના વરિષ્ઠ મંત્રીશ્રીઓ તેમજ શહેર જિલ્લા ભાજપના અગ્રણીઓ રોડ શોમાં જોડાયા હતાં.

એરપોર્ટથી કિશાનપરા ચોક, જિલ્લા પંચાયત ચોક, યાજ્ઞિક રોડ થઈ ધર્મેન્દ્ર કોલેજ ખાતે સ્ટેજ પ્રોગ્રામ ખાતે રોડ શો સમાપન દરમ્યાન વિવિધ સંસ્થાઓ દ્વારા ઠેર ઠેર તેમનું પુષ્પવર્ષાથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મ્યુઝિકની સુરાવલી અને વિવિધ બેન્ડ દ્વારા તેમને વેલકમ કરવામાં આવ્યા હતાં.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું કિશાન પરા ચોક ખાતે વિવિધ સહકારી સંસ્થાઓ, એસોસિએશન અને જ્ઞાતિ-સમાજના લોકો દ્વારા ભવ્ય સ્વાગત અને અભિવાદન કરાયું

એરપોર્ટ રોડ પાસેથી કિશન પરા ચોક ખાતે મુખ્યમંત્રીશ્રીનો કાફલો આવી પહોંચતા વિવિધ વિવિધ સહકારી સંસ્થાઓ એસોસિયેશન, જ્ઞાતિ-સમાજના સંગઠનો, રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટીના મહાનુભાવો દ્વારા ઠેર-ઠેર પુષ્પવર્ષા કરી અભિવાદન કરવામાં આવ્યું હતું .

પરંપરાગત વેશભૂષામાં સજજ યુવાઓએ રાસ ગરબા અને નૃત્ય કરી મુખ્યમંત્રીશ્રી અને તેમની સાથે આવેલા મહાનુભાઓનું દિલ જીતી લીધું હતું. આ તકે દેશભક્તિના ગીત સંગીત અને ભારતની ગાથાને વર્ણવતા દેશભક્તિના પ્રવચનો વગાડવામાં આવી રહ્યા હતા . જેનાથી સમગ્ર રોડ શો વાઈબ્રન્ટ બની ગયો હતો.

આ પૂર્વે એરપોર્ટ ખાતે રાજકોટના એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનું રાજકોટ પોલીસે ગાર્ડ ઓફ ઓનર આપી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે ભાજપ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલે એરપોર્ટ થી સુશાસન સપ્તાહ સમારોહના સ્થળ ધર્મેન્દ્રસિંહજી કોલેજ સુધીના ભવ્ય રોડ શોને લીલીઝંડી આપી રાજકોટના પ્રજાજનોને કાર્યકર્તાઓને શુભેચ્છાઓ પાઠવી હતી

આ પ્રસંગે રાજકોટના જિલ્લા પંચાયત ચોક ખાતે સ્ટેજ ઉપરથી સ્થાનિક આગેવાનો, સ્થાનિક પ્રજાજનો સર્વશ્રી મોહનભાઈ દાફડા સહદેવસિંહ જાડેજા મનસુખભાઈ ખાખરીયા નાગદાનભાઈ ચાવડા મનસુખભાઈ રામાણી મનીષભાઈ ચાંગેલા, નરેન્દ્ર સિંહ જાડેજા, અરૂણભાઇ નિર્મલ વગેરે દ્વારા ગુલાબના ફુલો વડે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રભારીમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, ગ્રામવિકાસ મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણ, ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવી, શ્રમ મંત્રીશ્રી બ્રિજેશ કુમાર મેરજા, વાહન વ્યવહાર મંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણીનું ઉમળકાભેર અભિવાદન કરાયું હતું.

વિવિધ સમાજ અને સંસ્થાઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં એસ.આર.પી. બેન્ડ દ્વારા દ્વારા પાઈપર કેપ, ગુરખા બ્રિગેડ, આર્યન લેડી જેવી વિવિધ ધૂન પર સંગીત આપવામાં આવ્યું હતું તેમજ એનસીસી અને એન.એસ.એસ.ના કેડેટ્સ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રોડ શો દરમ્યાન બેગપાઈપર બેંડ દ્વારા સંગીતની સુરાવલી રેલાવવામાં આવી હતી.

આ તકે ૧૦૦૦ બાઈક સવારોની રેલીને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ દ્વારા લીલીઝંડી આપીને તેનું પ્રસ્થાન કરાવ્યું હતું. દેશભક્તિના ગીતોએ રાજકોટમાં એક ઉલ્લાસભર્યા માહોલનું સર્જન કર્યું હતું. રોડ શો ના સમગ્ર રૂટ પર ૬૭ જેટલા વિવિધ સ્પોટ પર મુખ્યમંત્રીશ્રી નું સ્વાગત કરવામાં આવ્યું હતું.

૧૮ જેટલા સ્ટેજ પર કલ્ચરલ પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવ્યું હતું

આ વેળા જિલ્લા પંચાયત ચોકને બલૂન અને રોશનીથી શણગારાયું હતું. બાળાઓ દ્વારા રાસ રજૂ કરાયા હતા.

ધારાસભ્યશ્રી જયેશભાઈ રાદડિયા, ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠિયા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભૂપતભાઈ બોદર, અગ્રણીશ્રી ધનસુખભાઈ ભંડેરી, શ્રી રાજુભાઈ ધ્રુવ, શ્રી નિતિનભાઈ ભારદ્વાજ, સાંસદશ્રીઓ,અગ્રણીઓ મુખ્યમંત્રીશ્રી સાથે રોડ શોમાં સહભાગી થયા હતા.

## મોદી સરકાર અનેક વિદેશ નીતિના મુદ્દામાં નિષ્ફળ : સુબ્રમણ્યમ સ્વામી

નવીદિલ્હી,તા.૩૧

મોદી સરકારની વિરૂધ્ધ સતત ટીકા કરનાર ભાજપ સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ એકવાર ફરી મોરચો ખોલ્યો છે અને સરકારની વિદેશ નીતિ પર સવાલ ઉઠાવ્યા છે.તેમણે કહ્યું કે જો ભારત હિંદ મહાસાગર માટે લાંબા સમય માટે સહયોગી ઈચ્છે છે તો તેણે શ્રીલંકાની રાજપક્ષે સરકારને હાલ ૧૦ અરબ ડોલરની લોન આપવી જોઈએ.નહીંતર ચીનને કનિષ્ઠ ભાગીદાર મળવાનો સામનો કરવો પડશે મોદી સરકાર અનેક વિદેશ નીતિના મુદ્દામાં નિષ્ફળ રહી છે શ્રીલંકાને બીજીવાર બનવા ન દે.

તેમણે કહ્યું કે એવું નહીં કરવાથી શ્રીલંકા પણ આપણો સાથ છોડી ચીનની સાથે મળી જશે આ આપણી પડોસી વિદેશ નીતિ માટે સારી નથી.તેમનું કહેવું છે કે ભારત સરકારની વિદેશ અને આર્થિક નીતિઓ યોગ્ય નથી તેના કારણે અનેકવાર આપણને સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે કહ્યું કે તાજેતરમાં જ સંસદના શિયાળુ સત્રમાં એમ કહી સરકારની ટીકા કરી હતી કે ચીનના ભારતીય સીમામાં ધુષણખોરીના સવાલ પુછયા તો રાજયસભા સચિવાલયે તેમનો સંવેદનશીલ સવાલ પર જવાબ આપવાનો ઈન્કાર કરી દીધો

તેના પહેલા તેમણે ચીનને લઈ અનેકવાર સોશલ મીડિયા અને અન્ય જાહેર પ્લેટફોર્મ પર સરકારની ટીકા કરી છે તેનાથી સતત સરકારની સામે ખુદના સાંસદ તરફથી હાસ્યાસ્પદ સ્થિતિ પેદા થઈ દાય છે તે સત્તાધારી પાર્ટીમાં રહેતા પણ વિપક્ષની જેમ વ્યવહાર કરે છે.

## અમિત શાહે હનુમાનગઢીની મુલાકાત લીધી, મહંત નૃત્ય ગોપાલ દાસને પણ મળ્યા

,લખનૌ,તા.૩૧

ઉત્તર પ્રદેશના પ્રવાસ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અયોધ્યાની મુલાકાત લીધી હતી અને સૌપ્રથમ હનુમાનગઢીની મુલાકાત લીધી હતી. અમિત શાહે અહીં પ્રાર્થના કરી હતી અને મંદિરના પૂજારીએ પાઘડી પહેરી હતી અને મહંતોએ તેમને ગદા અર્પણ કરી હતી. આ ઉપરાંત તેઓ અયોધ્યામાં ગૃહમંત્રીએ મહંત નૃત્ય ગોપાલ દાસને મળ્યા અને તેમની તબિયત વિશે જાણકારી મેળવી. ત્યારબાદ જ તેઓ રામલલાના દર્શન કરવા જશે. અમિત શાહની આ યુપીની મુલાકાતમાં ઘણા કાર્યકમો યોજવામાં આવ્યા છે .

મળતી માહિતી મુજબ અમિત શાહ આજે અયોધ્યાના સરકારી ઈન્ટર કોલેજ ગ્રાઉન્ડ ખાતે જાહેર સભાને સંબોધશે. ત્યારબાદ તેઓ ઈન્ડસ્ટ્રીયલ એરિયા ગ્રાઉન્ડ, સંત કબીર નગર ખાતે જાહેર સભા દરમિયાન લોક સંવાદ કરશે. તેમજ સાંજે તેઓઅમિત શાહ બરેલીના કુતુબખાના ચૌરાહાથી રોડ શોનું નેતૃત્વ કરશે અને પછી બરેલીના પટેલ ચોકમાં જાહેર સભાને સંબોધશે.

અમિત શાહ આ દિવસોમાં યુપીના પ્રવાસે છે. ભવ્ય મંદિર બનાવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શાસન પરત લાવવાનું મન બનાવી લીધું છે. અમિત શાહે કહ્યું કે એસપી,બીએસપી અને કોંગ્રેસે ઉત્તર પ્રદેશને એક નવા પ્રકારની લેબ આપી છે, જેનો અર્થ છે એલમાંથી લૂંટ,એમાંથી આતંકવાદ અને બીમાંથી ભ્રષ્ટાચાર.

# તિબેટીયન સરકારના કાર્યક્રમમાં ભારતીય સાંસદો સામેલ થયા

નવીદિલ્હી,તા.૩૧

તિબેટની પાર્લામેન્ટ-ઈન-એક્સાઈલવ દ્વારા આયોજિત ડિનરમાં ભારતીય રાજકીય હસ્તીઓ સામેલ થતા ડ્રેગનના પેટમાં દુખાવો ઉપડ્યો હતો અને આ વાત પર વાંધો ઉઠાવ્યો હતો. ચીની દૂતાવાસે એક પત્ર દ્વારા ભારતને ×તિબેટના સ્વતંત્ર દળોને સમર્થન× કરવાથી દૂર રહેવા કહ્યું છે. ઉલ્લેખનીય છે કે ચીન ગત સપ્તાહમાં તિબેટની ઈન-એક્સાલ સરકાર દ્વારા દિલ્હીમાં આયોજીત કાર્યક્રમમાં સર્વપક્ષીય સંસદીય મંચે ભાગ લીધો હતો. જેમાં ચીને અદેખાઈ જતાવી લખેલા પત્રને નવી દિલ્હીએ ગેર-રાજકિય કહ્યો છે.

અહેવાલ મુજબ, પત્રમાં ચીનના સલાહકાર ઝોઉ યોંગશેંગે લખ્યું છે કે, 'મેં નોંધ્યું છે કે તમે 'ઓલ-પાર્ટી ઈન્ડિયન પાર્લામેન્ટરી ફોરમ ફોર તિબેટ' દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને ' તિબેટીયન પાર્લામેન્ટ-ઈન-એક્સાઈલ'ના કેટલાક સભ્યો સાથે ચર્ચા કરી. હું આ અંગે મારી ચિંતા વ્યક્ત કરવા માંગુ છું.'

તેમણે પત્રમાં લખ્યું, 'જેમ કે બધા જાણે છે કે 'તિબેટિયન પાર્લામેન્ટ-ઈન-એક્સાઈલ' એક અલગતાવાદી રાજકીય જૂથ અને એક ગેરકાયદેસર સંગઠન છે, જે ચીનના બંધારણ અને કાયદાનું ઉલ્લંઘન કરે છે. વિશ્વના કોઈપણ દેશે તેને માન્યતા આપી નથી. તિબેટ પ્રાચીન સમયથી ચીનનો અભિન્ન અંગ છે અને તિબેટ સંબંધિત બાબતો સંપૂર્ણપણે ચીનની આંતરિક બાબતો છે, જેમાં કોઈ વિદેશી હસ્તક્ષેપની મંજૂરી નથી.

સાંસદોને ચેતવણી આપતા ઝોઉએ લખ્યું કે, "તમે એક વરિષ્ઠ નેતા છો જે ચીન અને ભારત વચ્ચેના સંબંધોમાં સારી રીતે વાકેફ છે.× એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તમે આ મુદ્દાની સંવેદનશીલતાને સમજશો અને 'સ્વતંત્ર તિબેટીયન' દળોને સમર્થન આપવાનું ટાળશો અને ચીન-ભારત દ્વિપક્ષીય સંબંધોમાં યોગદાન આપશો."

અહેવાલો અનુસાર, ૨૨ ડિસેમ્બરે દિલ્હી સ્થિત એક હોટલમાં આયોજીત કાર્યક્રમમાં ઓછામાં ઓછા ૬ ભારતીય સાંસદો સામેલ થયા હતા. તેમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખર, ભારતીય જનતા પાર્ટીના નેતાઓ મેનકા ગાંધી અને કેસી રામમૂર્તિ, કોંગ્રેસના સાંસદ જયરામ રમેશ અને મનીષ તિવારી અને બીજેડીના સુજીત કુમારનો સમાવેશ થાય છે. નિર્વાસિત તિબેટ સરકારના પ્રવક્તા ખેન્પો સોનમ તેનફેલ પણ આ કાર્યક્રમમાં હાજર હતા.

એક અહેવાલ અનુસાર બીજેડી સાંસદ સુજીત કુમારે ચીનની આ હરકત અંગે કડક પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, વિશ્વની સૌથી મોટી લોકશાહી ગણાતા ભારતની સંસદના સભ્યને પત્ર લખનાર ચીની એમ્બેસીમાં રાજકીય સલાહકાર કોણ છે? તમે ભારતીય સંસદસભ્યોને પત્રો લખવાની હિંમત કેવી રીતે કરી? જો કંઈ હોય તો તમે સત્તાવાર ચેનલો દ્વારા તમારો વિરોધ નોંધાવી શક્યા હોત. મને લાગે છે કે વિદેશ મંત્રાલયે આ અંગે કંઈક કરવું જોઈએ.ખાસ વાત એ છે કે કેન્દ્ર સરકારે 'વરિષ્ઠ નેતાઓ' અને 'સરકારી અધિકારીઓ'ને ભારતમાં તિબેટિયનો દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભાગ લેવાની મનાઈ ફરમાવી હતી. આ માટે સરકારે દ્વિપક્ષીય સંબંધોને ટાંકીને આ વાત કહી હતી. સરકારના આ નિર્ણયના લગભગ ચાર વર્ષ બાદ ચીન તરફથી આવો પત્ર મળ્યો છે.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા કેસમાં ૨૭.૪ ટકાનો વધારો

નવીદિલ્હી,તા.૩૧

દેશમાં કોરોનાના કેસ બુલેટ ગતિથી વધી રહ્યા છે. વધતા કેસોના કારણે કેન્દ્ર અને રાજ્ય સરકારો ચિંતાતૂર બની છે. કેન્દ્રએ એવા આઠ રાજ્યો કે જ્યાં કેસ સૌથી વધુ આવી રહ્યા છે તેમને તાબડતોબ આ અંગે જરૂરી પગલાં લેવા પણ કહ્યું છે. આ બધા વચ્ચે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે બહાર પાડેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૬ હજારથી વધુ કેસ નોંધાયા છે. આજે સવારે જાહેર થયેલા આંકડા મુજબ દેશભરમાંથી છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૬,૭૬૪ કેસ નોંધાયા છે. જ્યારે ૭,૫૮૫ લોકો રિકવર પણ થયા છે. કોરોનાથી એક જ દિવસમાં ૨૨૦ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. હાલ દેશમાં ૯૧,૩૬૧ કોરોના દર્દીઓ સારવાર હેઠળ છે. કોરોનાથી રિકવરી રેટ ૯૮.૩૬% થયો છે. દેશમાં કોરોનાા નવા વેરિઅન્ટ ઓમિક્રોનના કેસ ૧૨૭૦ પર પહોંચ્યા છે. ઓમિક્રોન હવે દેશના ૨૩ રાજ્યો સુધી પહોંચી ગયો છે. સૌથી વધુ કેસ મહારાષ્ટ્રમાં ૪૫૦ નોંધાયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૩૨૦, કેરળમાં ૧૦૯, ગુજરાતમાં ૯૭, રાજસ્થાનમાં ૬૯, તેલંગણામાં ૬૨, તમિલનાડુમાં ૪૬, કર્ણાટકમાં ૩૪, આંધ્ર પ્રદેશમાં ૧૬, હરિયાણાાં ૧૪, ઓડિશામાં ૧૪, પશ્ચિમ બંગાળમાં ૧૧, મધ્ય પ્રદેશમાં ૯, ઉત્તરાખંડમાં ૪, ચંડીગઢ, જમ્મુ અને કાશ્મીરમાં ૩-૩, આંદમાન નિકોબાર ટાપુઓ, ઉત્તર પ્રદેશમાં ૨-૨, જ્યારે ગોવા હિમાચલ પ્રદેશ લદાખ મણિપુર અને પંજાબમાં એક-એક કેસ નોંધાયા છે.

## ૧ જાન્યુઆરીએ દિલ્હીના ઈન્ડિયા ગેટ વિસ્તારમાં વાહનની અવરજવર પર પ્રતિબંધ

અમેરિકા,તા.૩૧

છેલ્લા કેટલાક વર્ષોના અનુભવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. હકીકતમાં, નવા વર્ષના દિવસે, ઈન્ડિયા ગેટ અને બાંગ્લા સાહેબ જવા માટે મોટી ભીડ એકઠી થાય છે, તેથી આ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે જેથી કરીને કોરોના વચ્ચે વધુ લોકો એકઠા ન થાય. ઈન્ડિયા ગેટ પર બાંધકામનું કામ ચાલી રહ્યું છે, તેથી ઈન્ડિયા ગેટ સામાન્ય લોકો માટે પણ બંધ રહેશે. તે જ સમયે, ૩૧ ડિસેમ્બરે રાત્રે ૮ વાગ્યાથી નવા વર્ષની ઉજવણી માટે દિલ્હીના કનોટ પ્લેસમાં પણ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. આ અંગેની માહિતી ગુરુવારે આપવામાં આવી હતી. દિલ્હી પોલીસના જોઈન્ટ પોલીસ કમિશનર (ટ્રાફિક) વિવેક કિશોરે જણાવ્યું કે નવા વર્ષની પૂર્વ સંધ્યાએ રાત્રે ૮ વાગ્યા પછી કનોટ પ્લેસમાં તમામ પ્રકારના ખાનગી અને જાહેર પરિવહન વાહનો બંધ રહેશે. કનોટ પ્લેસના આંતરિક, મધ્ય અને બહારના વર્તુળોમાં વાહનોની અવરજવરને મંજૂરી આપવામાં આવશે નહીં. હોટલ અને રેસ્ટોરન્ટમાં કામ કરતા લોકોએ માન્ય પાસ બતાવવો પડશે. હોટેલ રેસ્ટોરન્ટ માટે માન્ય પાસ ધરાવતા લોકો માટે કનોટ પ્લેસમાં મર્યાદિત પાર્કિંગ પણ હશે. જે પહેલા પહોંચશે તેને પાર્કિંગ મળશે.દિલ્હી ટ્રાફિક પોલીસે નવા વર્ષ એટલે કે ૧લી જાન્યુઆરી ૨૦૨૨ પર ટ્રાફિકની સરળ હિલચાલ માટે ગીચ વિસ્તારો માટે વિસ્તૃત વ્યવસ્થા કરી છે. આ એપિસોડમાં, નવા વર્ષના પ્રથમ દિવસે સવારે ૧૦ વાગ્યા પછી, ઈન્ડિયા ગેટ પર વાહનો તેમજ રાહદારીઓની અવરજવર પર પ્રતિબંધ રહેશે. ૧ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ ભારે વરસાદને ધ્યાનમાં રાખીને, વાહનોને ૧૦ કલાક પછી સી-હેક્સાગોન, ઈન્ડિયા ગેટ વિસ્તારમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવશે નહી.

# વરસાદ અને હિમવર્ષાને લીધે ઠંડી વધશે, દિલ્હીમાં કોલ્ડવેવની આગાહી

નવીદિલ્હી,તા.૩૧

આ વખતે નવા વર્ષના સેલિબ્રેશન પર વરસાદ અને હિમવર્ષાનો માર પડી શકે છે. હવામાન વિભાગે કોલ્ડ વેવને લઈને ઉત્તર અને મધ્ય ભારત માટે એલર્ટ જારી કર્યું છે. આ દરમ્યાન આવનારા એક સપ્તાહ સુધી તાપમાનમાં ભારે ઘટાડો નોંધાશે. તો દક્ષિણ ભારતમાં પણ વરસાદને લઈને એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આવતાં ત્રણ દિવસ સુધી તમિલનાડુ અને આંધ્ર પ્રદેશના તટીય વિસ્તારોમાં વધારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર ભારતમાં આવતાં ૩થી ૪ દિવસો દરમ્યાન લઘુતમ તાપમાનમાં ૨-૪ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાશે. તો મધ્ય ભારતમાં પણ તાપમાન ઘટી શકે છે. બીજી બાજુ ઉત્તર પ્રદેશના કેટલાય વિસ્તાઓમાં પણ ધુમ્મસ વધી શકે છે. નવા વર્ષમાં ૩ જાન્યુઆરી સુધી દિલ્હી, હરિયાણા અને પંજાબમાં ઠંડી વધવાની ચેતવણી આપવામાં આવી છે.

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ગુરુવારે કોલ્ડવેવનો પ્રકોપ વધી ગયો છે, જે ૨૦૨૨માં ત્રીજી જાન્યુઆરી સુધી રહેવાનું અનુમાન છે. હવામાન વિભાગ મુજબ, સફદરગંજ વેધશાળામાં લઘુતમ તાપમાન સામાન્યથી ચાર ડિગ્રી ઓછું ૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. બુધવારે ન્યૂનતમ તાપમાન ૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. મહતમ તાપમાન સામાન્યથી એક ડિગ્રી ઓછું ૧૯.૫ ડિગ્રી સેલ્સિયસ જોવા મળ્યું હતું.મધ્ય પ્રદેશમાં નવા વર્ષ પહેલા સખત ઠંડી પડવાની આગાહી છે. હવામાન વિભાગે રાજયમાં કોલ્ડવેવને લીધે યેલો એલર્ટ જારી કર્યું છે.

## નાગરિકોને ચોથી રસી આપનારા દેશોમાં ઈઝરાયેલ મોખરે રહેશે

નવીદિલ્હી,તા.૩૧

ઈઝરાયલે તેના નાગરિકોને રસીનો ચોથો બૂસ્ટર શોટ ભેટમાં આપ્યો છે. ઓમિક્રોન વેરિઅન્ટમાંથી કોરોનાના વધતા જતા કેસો વચ્ચે ચોથા બૂસ્ટર શોટને મંજૂરી આપનારો ઈઝરાયેલ વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. આરોગ્ય મંત્રાલયના મહાનિર્દેશક નચમન એશે કહ્યું, 'આજે મેં કમજોર રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે ચોથો બૂસ્ટર શોટ મંજુર કર્યો છે. 'મેં આ અભ્યાસના પ્રકાશમાં કર્યું છે જે દેશની નબળી રોગપ્રતિકારક શક્તિ માટે ચોથી વેક્સિન સહિત અન્ય રસીઓના ફાયદા દર્શાવે છે.

આ લોકો ઓમિક્રોન દરમિયાન સૌથી વધુ જોખમમાં છે. આરોગ્ય અધિકારીઓએ ગુરુવારે ૪,૦૦૦ થી વધુ નવા કેસ નોંધ્યા છે. જે સપ્ટેમ્બર પછી જોવા મળ્યા નથી. આરોગ્ય પ્રધાન નિત્ઝેન હોરોવિટ્ઝે કહ્યું કે ઈઝરાયેલમાં "પાંચમી લહેર" છે. અહીં મોટાભાગના કેસો ઓમિક્રોન વેરિઅન્ટના હતા. વડા પ્રધાન નફતાલી બેનેટે જણાવ્યું હતું કે ઈઝરાયેલ જેણે સામાન્ય લોકોને રસીનો ત્રીજો ડોઝ ઓફર કર્યો હતો. આ દેશ હવે ચોથી વેક્સિન શૉટ માટે ટ્રેલબ્લેઝર હશે. તેમણે કહ્યું કે નાગરિકોને ચોથી રસી આપનારા દેશોમાં ઈઝરાયેલ મોખરે રહેશે.

## તંત્રી સ્થાનેથી...

# ચીની ઉત્પાદનોનો બહિષ્કાર અઘરો છે

***જાન્યુઆરી, ૨૦૨૧થી નવેમ્બર ૨૦૨૧ દરમિયાન ભારત અને ચીન વચ્ચે કુલ રૂા. ૮.૫૭ લાખ કરોડનો વેપાર થયો જે અત્યાર સુધી ઉચ્ચતમ સ્તર છે. ગત વર્ષના સમાન સમયગાળાની તુલનાએ આ ૪૬.૪ ટકા વધારે છે. આ દરમિયાન ભારતે ચીન પાસેથી રૂા. ૬.૫૯ લાખ કરોડના વિવિદ ઉત્પાદનોની આયાત કરી જે ગત વર્ષના આ સમયગાળાની તુલનાએ ૪૯ ટકા વધારે છે. જોકે આ દરમિયાન ચીને પણ ભારતથી રેકોર્ડ આયાત કરી. આ દરમિયાન ચીને કુલ રૂા. ૧.૯૮ લાખ કરોડની ચીજવસ્તુઓ ભારતથી આયાત કરી જે ગત વર્ષના સમાન ગાળાની તુલનાએ ૩૮.૫ ટકા વધારે છે.તેમ છતાંય ભારતની ચીન સાથે વેપાર ખાધ વધીને ૪.૬૧ લાખ કરોડ થઇ ગઇ જે અત્યાર સુધીનો ઉચ્ચતમ સ્તર છે.***

***ભારત અને ચીનનો વેપાર ત્યારે વધી રહ્યો છે જ્યારે બન્ને વચ્ચે લાઇન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) પર તણાવ છે. પરંતુ વર્તમાન સ્થિતિ બે દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપારની મહત્તાને દર્શાવે છે. આજે યુદ્ધથી વધારે જરૂરી વેપાર થઇ ગયો છે. જો અન્ય દેશો સાથે વેપારી સંબંધો સારા નહી હોય તો દેશ બરબાદ પણ થઇ શકે છે. આ માટે કોઇ યુદ્ધની કદાપિ જરૂર નથી. તેથી બદલાયેલી પરિસ્થિતિઓને આશ્ચર્યજનક રીતે જોવી ન જોઇએ. ભારત આજે પણ આત્મનિર્ભર નથી. ચીનના ઉત્પાદનોનો બહિષ્કાર કરવો ભારત અને સામાન્ય લોકોનું ભરવામાં આવેલું ભાવનાત્મક પગલું હોઇ શકે છે પરંતુ વાસ્તવિકતામાં ભારતના બજારો પર ચીની ઉત્પાદનોનો કબજો છે. ભારતમાં ગામડાઓમાં દરેક ગ્રામીણ ચીનમાં બનેલા ઉત્પાદનોને ખરીદે છે. ચીની રમકડાં, દીવાળીના દીવડા, દેવી-દેવતા, શણગારનો સામાન, મોબાઇલ, ટીવી, લેપટોપ, ગામડાઓમાં કરિયાણાની દુકાનોમાં મોટાભાગનો સામાન વગેરે ચીનમાં બનેલ છે. એવામાં શું ચીનના ઉત્પાદનનો બહિષ્કાર આપણે કરી શકીએ છીએ? ભારત પોતાની ઘરેલુ જરૂરિયાતોને પૂરી કરવા માટે મોટાપાયે ચીન નિર્મિત ઉત્પાદનોની આયાત કરે છે. ઇલેક્ટ્રોનિક હાર્ડવેયર બજારના મામલે પણ ચીનનો ભારતના બજારો પર કબજો છે. કોઇ પણ દેશની નિકાસથી મેળવેલી રકમ જો આયાતમાં ખર્ચ કરવામાં આવેલી રકમથી વધારે હોય તો તેને વેપારમાં નફો કહેવામાં આવે છે. બીજી તરફ જ્યારે આયાતમાં ખર્ચ કરવામાં આવેલી રકમ જો નિકાસથી મેળવેલી રકમથી વધારે હોય છે તો તેને વેપાર ખાધ કહેવામાં આવી છે. ચીન સાથે ભારતની વેપાર ખાધ સતત વધતી જઇ રહી છે અર્થાત ભારત ચીન પાસેથી વિવિધ ઉત્પાદનોની આયાત વધારે કરે છે જ્યારે નિકાસ ઓછા પ્રમાણમાં કરે છે. ૨૦૧૪માં ભારતની ચીન સાથેની વેપાર ખાદ રૂા. ૩.૩૬ લાખ કરોડ હતી તો ૨૦૨૧માં તે રૂા. ૪.૬૧ લાખ કરોડ રહી. આંકડાઓથી સ્પષ્ટ થાય છે કે આપણે ભલે ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરવાના લાખ દાવા કરી લઇએ પરંતુ હકીકતમાં આમ કરવું આપણા માટે શક્ય નથી. આપણે આજે પણ અને ભવિષ્યમાં પણ આવું કરી શકવાના નથી. આપણે અનેક ઉત્પાદનોના નિર્માણ માટે ચીન પાસેથી કાચો માલ આયાત કરીએ છીએ અને આપણી આ નિર્ભરતા આવનારા વર્ષોમાં પણ રહેવાની જ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫થી નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ભારત અને ચીન વચ્ચે થયેલા વેપારના આંકડા દર્શાવે છે કે ભારતે ચીનને ઓછી કિંમતના કાચા માલની વધારે નિકાસ કરી હતી જ્યારે કે તે વિનિર્માણથી જોડાયેલા ઉત્પાદનોની ચીનથી આયાત કરી રહ્યું હતું.***

## બાય બાય - ૨૦૨૧

તમે સાંભળી છે ક્યારેય વરસાદની છોળોને?
અને જોઈ છે કદી બાળકો ભરેલી ચકડોળોને?
ક્યારેય પતંગિયાની અસ્થિર ઉડાન સામે તાક્યું છે?
કે ઝાંખી રાતનાં ઝાંખા ચંદ્ર સામે કદી ઝાંક્યું છે?
ધીમા પડો જરા ધીમા પડો,
જીવનની રાહમાં ધીમા પડો.
છે સમય ઓછો પણ ધીમા પડો,
ધીમા પડો જરા ધીમા પડો.
રોજેરોજ તમે 'રાજધાની' જ પકડો છો?
પણ પૂછેલા 'કેમ છો'નો જવાબ કદી સાંભળો છો?
દિવસ આથમ્યે તમે પથારીમાં પડો છો,
અને બીજા દિવસનાં ઘણા સપનાઓ ઘડો છો?
ધીમા પડો જરા ધીમા પડો,
જીવનની રાહમાં ધીમા પડો.
છે સમય ઓછો પણ ધીમા પડો,
ધીમા પડો જરા ધીમા પડો.
ઘણીવાર દીકરાને કીધું છે ને કે 'કરીશું કાલે×?
પણ નથી જોયા આંસુ જે આવ્યા એના ગાલે!
ફોન કરીને પણ 'હાઈ' કહેવાનો સમય નથી મળ્યો,
અને દોસ્તીનો સુરજ ઘણીવાર અકાળે છે ઢળ્યો.
ધીમા પડો જરા ધીમા પડો,
જીવનની રાહમાં ધીમા પડો.
છે સમય ઓછો પણ ધીમા પડો,
ધીમા પડો જરા ધીમા પડો.
જલ્દી પહોંચવા તમે ગાડી તેજ ભગાવો છો?
ખરા પ્રવાસની તમે અડધી મઝા ગુમાવો છો!
દિવસ આખો ઉતાવળ અને ચિંતામાં વિતાવો છો?
મળેલી ગીફ્ટ જાણે જોયા વિના જ ફગાવો છો!
ધીમા પડો જરા ધીમા પડો,
જીવનની રાહમાં ધીમા પડો.
છે સમય ઓછો પણ ધીમા પડો,
ધીમા પડો જરા ધીમા પડો.
જિન્દગી કોઈ સ્પર્ધા નથી જે જીતવાની છે...માટે-
ધીમા પડો જરા ધીમા પડો,
જીવનની રાહમાં ધીમા પડો.
છે સમય ઓછો પણ ધીમા પડો,
ધીમા પડો જરા ધીમા પડો.
(અજ્ઞાત અંગ્રેજ કવિતાનો ૨૦૦૬માં કરેલો ભાવાનુવાદ)

### એક કદમ માનવતા કી ઔર

# જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અંગદાન, ચક્ષુદાન, દેહદાન ઋણસ્વીકાર સમારોહ



છેલ્લા બે વર્ષથી કોરોના જીવલેણ રોગે માણસને ઘણું શીખવ્યું છે. ભવિષ્યનું પ્લાનિંગ કરીને જીવતા લોકો વર્તમાનને અવનવી ઢબે જીવવાનાં પ્રયત્નો કરી રહ્યા છે. કલ હો ના હો આ વાતને,વિચારને બધાએ પહેલા કરતા થોડું વધારે જ સીરીયસ લઈ લીધો છે. આવા સમયે જો વ્યક્તિ રીટાયર્ડ થતી હોય અને આવનારી તમામ પળો માત્ર એનાં પોતાનાં જ નામે થતી હોય એવા સમયે તે વ્યક્તિ સ્વને કેન્દ્રમાં ન રાખીને સમાજ માટે કશુંક વિચારે એ કેવી અદભુત વાત છે. જીવનનો સૂરજ ડૂબવા આવ્યો હોય ત્યારે સોફા સેટ પર ગોઠવાઈને ટીવી જોવું, ઘરમાં બાળકોનાં કામોમાં દખલગીરી કરવી કે પછી પોતાનાં પૌત્ર પૌત્રીઓને રમાડવામાં કે ઓટલે બેસીને આખા ગામની વાર્તાઓ સાંભળવામાં રસ કેળવવાને બદલે સમાજ માટે લાભદાયી કાર્યો કરવાનો વિચાર ખુબ ઓછા લોકોમાં આવે છે. આવા જ એક ઘર દીવડા છે જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી ઉમેશભાઈ મહેતા, ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં મામ નાં મૃત્યુ પછી અંગદાન, ચક્ષુદાન કે દેહદાન કરવાની જાગૃતિ ખુબ ઓછી છે. ક્યાંક સમાજિક કે ધાર્મિક બંધનોમાં રહીને વ્યક્તિ આ અંગે કોઈ પહેલ કરતો નથી. મૃત્યુ પછી શરીર નારી બની કાય છે. આવા સમયે શરીરમાં રહેલા અંગો કોઈ બીમાર કે નિસહાય વ્યક્તિને કામ આવી શકે છે.ધારોકે કોઈ વ્યક્તિ અંધ છે અને અન્ય વ્યક્તિનું મૃત્યુ થાય છે એ પહેલા એણે ચક્ષુદાનનું સંકલ્પ પત્ર ભરેલું છે તો તેની આખો લઈને અંધ વ્યક્તિને આપવામાં આવે છે. જે વ્યક્તિ રહ છે, જેણે આજ સુધી દુનિયા જોઈ જ નથી તે કોઈ મૃત્યુ પામેલ વ્યક્તિની આંખો થકી દુનિયાને જોઈ શકે છે. આવી જ રીતે અંગદાન કોઈ વ્યક્તિનું બ્રેનડેડ થઈ ગયું હોય છતાં પણ તેનાં સમગ્ર અંગો કાર્ય કરતા હોય તો તેનું હ્રદય, બંને કીડની, લીવર,પેક્રીયાઝ, ફેફસાં વગેરે લઈ લેવામાં આવે છે અને કોઈ બીમાર વ્યક્તિ કે જેના આ અંગોમાં કોઈ ખામી હોય અથવા આ અંગો નબળા પડી ગયા હોય તો તેનું રીપ્લેસમેન્ટ કરવામાં આવે છે. દેહદાનમાં વ્યક્તિનું સમગ્ર શરીર દાન કરી દેવામાં આવે છે. જે મેડીકલ કોલેજ, યુનિવર્સીટીનાં વિદ્યાર્થીઓને તેનાં પર રીસર્ચ કરી, ભણવામાં કામ લાગે છે. એક દેહદાન થી ૨૦ નવા ડોક્ટર તૈયાર થાય છે.

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી ઉમેશભાઈ મહેતા ૨૦૧૬ થી અંગદાન,ચક્ષુદાન, દેહદાનનાં પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે. તેઓએ ૩૫ વર્ષ આકાશવાણીનાં સીનીયર એન્જિનિયરિંગ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવી છે. ૨૦૧૯ મા તેઓ રીટાયર્ડ થયા ત્યારબાદ તેઓ પોતાનો સમગ્ર દિવસ માત્ર આ જ પ્રવૃત્તિ માટે ફાળવે છે. દર અઠવાડિયે તેઓ રાજકોટનાં જુદા જુદા સ્થળોએ પોતાની ટીમ સાથે જન જાગૃતિ હેતુ સ્ટોલ લગાવે છે અને કોઈને અંગદાન,ચક્ષુદાન, કે દેહદાનનું સંકલ્પ પત્ર ભરવું હોય તો ત્યારે જ તેમને સંકલ્પ પત્ર પણ ભરવામાં આવે છે. જ્યારે કોઈપણ ચક્ષુદાન થાય છે. ત્યારે એ જાતે તેમનાં બેસણામાં જાય છે. પોતાની સાથે જે તે વ્યક્તિનાં શોક સંદેશ અને ચક્ષુદાન, દેહદાનનાં સર્ટીફીકેટ તેમનાં પરિવારને સોંપે છે ત્યારબાદ પાંચ મિનીટ અંગદાન,ચક્ષુદાન કે દેહદાન જાગૃતિ અંગે સર્વે ને માહીતગાર કરી,પાંચ- ગાયત્રી મંત્ર અને પાંચ- મૃત્યુંજય મહામંત્રનાં જાપ કરાવે છે જેથી મૃતકનાં સગા વ્હાલા વ્યક્તિઓમાં પણ આ બાબતે જાગૃતિ આવે.

ઉપરાંત ચક્ષુદાન જેવી જટિલ પ્રક્રિયાને માટે તેઓ ૨૪ કલાક પોતાનો મોબાઈલ ચાલુ જ રાખે છે અને આવા કિસ્સામાં રાતના સમયે ૧૧ થી ૫ ની વચ્ચે પણ તેઓએ ૨૦ થી વધુ ચક્ષુદાન સ્વીકાર્યા છે. ઘણા લોકો જનકલ્યાણ ટ્રસ્ટનું પોસ્ટર શબવાહિની માં જોઈને પણ તેમનો સંપર્ક કરે છે અને આ રીતે તેમણે બાર ચક્ષુદાન સ્મશાનમાં પણ સ્વીકારેલા છે.

ઉમેશભાઈ ના માતૃશ્રી નું રાત્રે ૧૦ વાગે અવસાન થતા ૧૧ વાગ્યા બાદ ચક્ષુદાન કરવાનો સંકલ્પ કરેલ. નજીકમાં આવેલ ચક્ષુબેંકમાં સંપર્ક કરતા તેમણે કીધું કે અમોને તેડી જાવ અને મૂકી જાવ તો અમો ચક્ષુદાન લેવા આવીએ બાદમાં તેમણે વાહનની વ્યવસ્થા કરી માતુશ્રીનું ચક્ષુદાન ૮-૭-૯૪ ના રોજ કરાવ્યું. આવી તકલીફ બીજાને ન પડે તેવા હેતુથી ચક્ષુદાન-દેહદાન ની પ્રવૃત્તિ વેગવંતી બનાવી,સાથે સાથે અંગદાન ની વિશેષ જાણકારી મેળવી પ્રચાર-પ્રસાર સતત હાથ ધર્યો. ઓગસ્ટ મહિનામાં રાજકોટમાં લોકમેળો ભરાતો હોય તેમાં પણ કલેકટરશ્રીની પરમીશન મેળવી જનકલ્યાણ ટ્રસ્ટ નો એક સ્ટોલ રાખી અંગદાન-ચક્ષુદાન-દેહદાન નો પ્રચાર-પ્રસાર શરુ કર્યો. જેમાં અંગદાન-ચક્ષુદાન-દેહદાન ના ૧૯૨ સંકલ્પ પત્રો ભર્યા. આવી જ રીતે ૨૦૧૯ અને ૨૦ માં પણ સ્ટોલ રાખી સંકલ્પ પત્રો ભર્યા અંગદાન-ચક્ષુદાન-દેહદાન ના પ્રચાર-પ્રસાર માટે વિવિધ પ્રકારના બેનર બનાવી રાજકોટમાં અનેક જગ્યાએ લોકોનો નું ધ્યાન પડે તે રીતે લગાવવાના શરૂ કર્યા, ઉપરાંત સ્ટીકરો બનાવી અને ફાયર બ્રિગેડે, શબવાહીની, એમ્બ્યુલન્સમાં વગેરે જગ્યાએ લગાવવાના શરૂ કર્યા. સમાજનો સહકાર મળતો ગયો.

ત્રણ વર્ષ લોકમેળામાં સતત પાંચ દિવસ પ્રચાર-પ્રસાર કરી સંકલ્પપત્ર ભરેલ પરંતુ ચોથા વર્ષે કોરોના ને કારણે લોકમેળો થઈ શકેલ નહીં, પાંચમા વર્ષે પણ લોકમેળો ન થવાને કારણે પ્રચાર પ્રસાર થઈ શકે તેમ ન હતો તેથી ૧૩ મી ઓગસ્ટ વિશ્વ અંગદાન દિવસ હોય તેના આગલા છ દિવસથી એટલે કે સાત દિવસ તા. ૮ મી ઓગસ્ટથી ૧૩ મી ઓગસ્ટ ચક્ષુદાન જાગૃતિ સપ્તાહ નું આયોજન કરેલ જેમાં પહેલા છ દિવસ ત્રણ અલગ-અલગ સ્મશાનમાં બે - બે દિવસ ઊભા રહેવાનું અને કોઈ અગ્નિદાહ માટે આવે તો તેમને સમજાવી તુરંત ચક્ષુદાન કરાવવાનું છ દિવસ ડોક્ટર ની ટીમ હાજર રાખેલ.આ રીતે વિશેષ જાગૃતિ સપ્તાહ નું આયોજન કરેલ, જેમાં પહેલે દિવસે મેયર, ડેપ્યુટી મેયર ત્યારબાદ આઇ. એમ. એ ના પ્રેસિડેન્ટ, સેક્રેટરી, વિવેકાનંદ યુવક મંડળ, સ્વામિનારાયણ ગુરુકુળ, બોલબાલા ટ્રસ્ટ, સ્વામીનારાયણ મંદિર, રામકૃષ્ણ આશ્રમ, દીકરાનુ ઘર,એનીમલ હેલ્પલાઇન, શિક્ષણજગત ના પ્રતિનીધીઓ ને બોલાવી આ જાગૃતિ સપ્તાહ ને સફળ બનાવેલ. તેમાં છ દિવસ માં સાત ચક્ષુદાન સ્મશાનમાં જ કરાવેલ. અંતિમ દિવસે શ્રી જીગ્નેશદાદા સ્મશાન માં પધારી આશીર્વચન આપેલ. ઉપરાંત કાંય ભાગવત સપ્તાહ ચાલતી હોય, જ્ઞાતિના કાર્યક્રમો યાલના હોય, કે ક્યાંય મેળાવડા હોય ત્યાં જઈ પ્રચાર-પ્રસાર કરી પેમ્પલેટ વિતરણ કરવાનું શરૂ કર્યું. કોઈનો ફોન આવે તો તેમના નિવાસસ્થાને જઈ ને પણ સંકલ્પ પત્ર ભરવામાં આવે છે.

ઉમેશભાઈ મહેતાએ સૌપ્રથમ જાતે અંગદાન, ચક્ષુદાન કે દેહદાનનાં સંકલ્પ પત્રો ભર્યા છે ત્યાર બાદ તેમનાં પત્ની પણ સંકલ્પ પત્રો ભરાવે છે અને આવી રીતે ૨૦૧૬ થી લઈને આજ સુધી ૬૧૩ અંગદાનના, ૯૩૯ ચક્ષુદાનના, ૪૦૪ દેહદાનના સંકલ્પ પત્રો ભરાવવામાં તેઓ સહભાગી રહ્યા છે. ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ દ્વારા ૩૦ ચક્ષુદાન અને ૬ દેહદાન જ્યારે જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ૧૬૦ ચક્ષુદાન અને ૧૩ દેહદાન એટલે કે કુલ ૧૯૦ ચક્ષુદાન અને ૧૯ દેહદાન થયેલ છે.

આ તમામ પ્રવૃત્તિમાં તેમને તેમના પરિવાર અને સમાજનો ખુબ સાથ સહકાર મળ્યો છે. આ ઉપરાંત સાતમ આઠમ તેમજ દિવાળી ઉપર ઝુંપડપટ્ટીમાં જઈ મીઠાઈ થતા ફરસાણનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે જનકલ્યાણ ટ્રસ્ટ ને પાંચ વર્ષ પુરા થતા હોય ૧૮૦ ધબળા નું વિતરણ ઝુપડપટ્ટીમાં તથા રોડ ઉપર સુતા હોય તેવા પરિવારજનોને અર્પણ કરેલ જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ સતત સમાજ સેવાની અવિરત પ્રવૃત્તિઓ જેવી કે ઝૂંપડપટ્ટીનાં રહેવાસીઓને સ્લીપર વિતરણ, બસસ્ટેન્ડ પર ફરતાં લોકોને છાશ વિતરણ, ભુજ માં પદયાત્રી કેમ્પ, તહેવારોમાં ફરસાણ તથા મીઠાઈ વિતરણ, રક્તદાન કેમ્પ, અંગદાન, ચક્ષુદાન અને દેહદાન અંગે જાગૃતિ ફેલાવવાનાં વિવિધ કાર્યક્રમો તેમજ તેના પ્રચાર પ્રસાર કેમ્પ વગેરે સાથે જોડાયેલું છે.

આવા ઉત્તમ કાર્ય સાથે સંકળાયેલ જનકલ્યાણ ટ્રસ્ટ સમાજ સેવા અર્થે અંગદાન, ચક્ષુદાન, દેહદાન ઋણસ્વીકાર સમારોહનું આયોજન કરી રહ્યું છે. આ કાર્યક્રમમાં શ્રીમતી સરલાબેન રસીકભાઈ મહેતા (આર.કે.બિલ્ડર) અધ્યક્ષશ્રી, ટોટાવાળા શ્રીમગનભાઈ ફળદુ, પોરબંદરનાં શ્રીઅતુલભાઈ લાખાણી, ઢોલરા-દીકરાનું ઘરનાં શ્રીમુકેશભાઈ દોશી, રાજકોટ ચેમ્બર્સ ઓફ કોર્મસનાં ભૂતપૂર્વ પ્રમુખ શ્રીગૌતમભાઈ ધમસાણીયા, જૈન અગ્રણી શ્રી સુનીલભાઈ શાહ, રેસકોર્ષ લાફટર ક્લબનાં શ્રીપ્રભુદાસભાઈ રાજાણી અતિથી વિશેષ તરીકે હાજરી આપશે.

આ કાર્યક્રમ તારીખ ૨જાન્યુઆરીને રવિવારનાં રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી, સૌરાષ્ટ્ર હાઈસ્કુલ, કોટેચા ચોક, કાલાવાડ રોડ,રાજકોટમાં રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ આમંત્રીતો માટે હોય દરેક આમંત્રીતો એ હાજરી આપવા જનકલ્યાણ ટ્રસ્ટનાં ચેરમેન ઉમેશભાઈ મહેતા અને ટીમ દ્વારા સૌ ને ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે. અંતમાં આર કે બિલ્ડર ના શ્રી તરલાબેન રસિકભાઈ મહેતા દ્વારા જનકલ્યાણ ટ્રસ્ટ ને પાર્યાલય મળેલ છે. ૧૦, કાંતિ પ્રકાશ, બીજો માળ, પૂનમ ફર્નિચર પાસે, ઢેબર રોડ, રાજકોટ, સાંજે ૪ થી ૮ અમારા કાર્યાલય મંત્રી શ્રી પ્રદીપભાઈ પંડયા નો સંપર્ક કરી શકે છે કોઈ પણ પ્રકારના સેવા ના કામ માટે સંપર્ક કરો ચેરમેન, ઉમેશ મહેતા - ૯૪૨૮૫૦૬૦૧૧

# આત્મધન

એકવાર રવિન્દ્રનાથ ટાગોર જાપાન ગયા હતા.ત્યાં દશ દિવસ સુધી દરરોજ સાંજે ૬ થી ૭ સુધી તેમનો શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપર પ્રવચન આપવાનો કાર્યક્રમ હતો.તેમાં લોકો આવીને બેસતા હતા.તેમાં એક વૃધ્ધ પણ પ્રવચન સાંભળવા આવતા હતા.તેઓ ઘણા જ પ્રેમ અને સન્માનથી ગુલાબના ફુલોનો હાર દરરોજ રવિન્દ્રનાથજીને પહેરાવતા હતા.તેઓ સભામાં સૌ પ્રથમ આવતા અને પ્રવચન પુરૂં થયા પછી રવિન્દ્રનાથજીના ઉભા થઇ ગયા પછી જ પોતાનું સ્થાન છોડતા હતા.

શીલ અને શિષ્?ટ્રાચાર તેમના જીવનમાં સંપૂર્ણરૂપથી જોવા મળતાં હતાં.જેમ એક નિપુણ જિજ્ઞાસુ પોતાના ગુરૂદેવની તરફ નિહાળે તેવી જ રીતે તે વૃધ્ધ રવિન્દ્રનાથજીની તરફ જોતા હતા અને તેમનો એક એક શબ્દ આત્મસાત કરતા હતા.સાધારણ કપડાંવાળા આ વૃધ્ધ રવિન્દ્રનાથજીના વચનામૃતથી લાભાન્વિત થતા હતા.સભામાં ઉપસ્થિત લોકોને ખ્યાલ પણ ન હતો કે: કોન કેટલો ખજાનો લઇને જાય છે..!!

એક કલાકના પ્રવચન પછી જ્યારે રવિન્દ્રનાથજી પોતાનું પ્રવચન પુરૂં કરી સમાપન કરતા ત્યારે તમામ લોકો ધન્યવાદ આપવા માટે..કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તેમની નજીક આવીને તેમના ચરણસ્પર્શ કરતા હતા.કથાની પૂર્ણાહૂતિ થતાં લોકો મંચ ઉપર સુવર્ણ મુદ્રાઓ..યેન(ત્યાંનું ચલણ) ફળ..ફુલ..વગેરેનો ઢગલો કરી દીધો તે સમયે પેલા વૃધ્ધ આવીને બોલ્યા કે: મારી વિનમ્ર પ્રાર્થના છે કે: આપ આવતી કાલે મારા ઘેર પધારો. આ વૃધ્ધના વિનય સંપન્ન આચરણથી મહર્ષિ પ્રસન્ન થયા.તેમના ભાવપૂર્ણ નિમંત્રણનો સ્વીકાર કરી લીધો.વૃધ્ધે કહ્યું કે: આપે મારી પ્રાર્થના સ્વીકારી એટલા માટે હું આપનો ઘણો જ આભારી છું.આંખોમાં હર્ષના આંસુ સાથે તે વૃધ્ધ વિદાય થયા.રવિન્દ્રનાથજીએ પોતાના સહાયકને કહ્યું કે: આ વૃધ્ધ ઘણા જ ભાવનાશીલ છે.મારા પ્રત્યે તેમને ઘણી જ ઉંડી શ્રધ્ધા છે..તમો કાળજી રાખજો કે: આ વૃધ્ધ મારા સ્વાગતની તૈયારીમાં ક્યાંક વધુ ખર્ચ ના કરી દે..! કે પાછળથી તેમને આર્થિક બોજો સહન કરવો પડે..! આપણે તેમના ઘેર જઇએ ત્યારે તેમના બાળકોના હાથમાં બસો યેન આપી દેવા. આપણે આવતી કાલે ચાર વાગે તેમના ઘેર જઇશું.બીજા દિવસે પોણા ચાર વાગે તે વૃધ્ધે કોન્ટેસા ગાડી લાવીને ઉભી કરી દીધી.ગુલાબના ફુલોથી સજાવેલ ભવ્ય ગાડીને જોઇને રવિન્દ્રનાથજીએ વિચાર્યું કે આ ગાડી તેઓ ભાડે લાવ્યા હશે અને તે પેટે ઘણો ખર્ચ કર્યો હશે.મહર્ષિ ગાડીમાં બેઠા.કોન્ટેસા ગાડી કોઇપણ જાતનો અવાજ કર્યા વિના ચાલી અને એક ઉંચી પહાડી ઉપર વિશાલ મહેલના ગેટ પાસે આવીને ઉભી કરી દીધી.વાંચમેને સલામ મારીને ગેટ ખોલ્યો.ગાડીએ અંદર પ્રવેશ કર્યો.કેટલાક પુરૂષો-સ્ત્રીઓ તથા બાળકોએ આવીને અભિવાદન કર્યું.પેલા વૃધ્ધ તેમને અંદર લઇ ગયા.સોનાની ખુરશી ઉપર રેશમી વસ્ત્ર પાથરેલ હતું તેના ઉપર મહર્ષિને બેસાડ્યા.સોના ચાંદીના વાસણોમાં વિભિન્ન પ્રકારના મેવા..મિઠાઇઓ પિરસવામાં આવી.પરિવારના લોકોએ શ્રધ્ધપૂર્વક તેમનું પૂજન કર્યું અને મહર્ષિના ચરણોમાં બેસી ગયા. રવિન્દ્રનાથજી આવા ઠાઠ માઠને જોઇને ચક્તિ થઇ ગયા..! તેમને પેલા વૃધ્ધને કહ્યું કે: તમે મને ક્યાં લઇ આવ્યા..? હવે મને તમે તમારા ઘેર લઇ જાવો.આ મહેલોથી મારે શું પ્રયોજન..? સાદા કપડાંમાં સજ્જ તે વૃધ્ધે કહ્યું કે: મહારાજ..! આ મારૂં જ મકાન છે. આપણે જે કોન્ટેસા ગાડીમાં આવ્યા છીએ તે પણ મારી જ ગાડી છે.મારી એવી બીજી પાંચ ગાડીઓ છે.આવી સોનાની બીજી બે ખુરશીઓ પણ છે.આ લોકો જે હાથ જોડીને ઊભા છે તે મારા પૂત્રો-પૌત્રો-પ્રપ્રૌત્રો છે.આ મારા બાળકોની મા છે.પરમાત્માની કૃપાથી સ્વામીજી મારી બે મિલો છે.રવિન્દ્રનાથજી આશ્ચર્ય ચક્તિ સ્વરમાં બોલ્યા કે: આટલા બધા ધનાઢ્ય હોવા છતાં આટલા સાદા ગરીબો જેવાં કપડાંમાં આવીને બેસતા હતા..કેમ..?

મહારાજ..! હું સમજું છું કે: આ બાહ્ય તડક ભડક અને ભૌતિક પદાર્થો એ વાસ્તવિક ધન નથી.જે ધનથી આત્મધન ન મળે તે ધનનો ગર્વ કરવો બેવકૂફી છે.તે ધન ક્યારે ચાલ્યું જાય તેની ખબર પડતી નથી. પરલોકમાં તે કોઇ કામમાં આવતુ નથી, એટલા માટે આ ધનનો ગર્વ કરીને કથામાં આવવું એ ના-સમજી છે.આ ધનને સંભાળતાં સંભાળતાં સંભાળવા યોગ્યને ના સંભાળવું એ નાદાની છે. મહારાજ..! જ્ઞાન અને ભક્તિના ધનની આગળ આ ભૌતિક ધનની કોઇ જ કિંમત નથી.ભૌતિક ધન તો મને મજૂરી કરાવે છે.સાચું ધન તો આત્મધન છે અને તે જ મને સંભાળે છે..મારૂં રક્ષણ કરે છે.ખરેખર હું આપનો કૃતજ્ઞ છું.હંમેશ ના માટે આપણો આભારી રહીશ.મેં જીવનભર બાહ્યધનને કમાવવામાં અને સંભાળવામાં મારા જીવનનો બહુમૂલ્ય સમય વેડફી નાખ્યો,તેમછતાં જે સુખ અને શાંતિ ન મળી તે આપના પ્રવચનથી મને મળી.બાહ્ય વસ્ત્ર અલંકારને તુચ્છ સમજીને..સાદા કપડાં પહેરીને..કંગાળની જેમ આપના દ્વાર પર આવીને મને જે આધ્યાત્મિક ધનની પ્રાપ્?તિ થઇ છે જેનાથી હું ધન્ય બન્યો છું.


રવિન્દ્રનાથ ટાગોરનું મન પ્રસન્ન થયું.જ્યાં જ્ઞાનનો આદર થાય છે ત્યાં જીવનનો આદર થાય છે. રવિન્દ્રનાથજીએ કહ્યું કે: શેઠ..! બાહ્ય ધન સાથે તમારી આસક્તિ નથી અને ભિતરી(અંતરંગ) ધનનો આપ આદર કરો છો એટલે તમે વાસ્તવમાં શેઠ છો.હું પણ આજે ધન્ય બન્યો છું. તમારા જેવા ભક્તના ઘેર આવીને મને અનુભવ થયો કે: મારૂં કથા પ્રવચન કરવાનું સાર્થક થયું છે..

ઘણી જગ્યાએ જવાનું થાય છે,પરંતુ મોટા ભાગના લોકો માંગતા જ રહે છે,પરંતુ તમે બુધ્ધિમાન છો.. નશ્વર ધનની માંગણી કરતા નથી..તેમછતાં દાતા તમોને નશ્વર ધન આપતા જ જાય છે અને એ જ દાતા (પરમેશ્વર) એ તમોને શાશ્વત ધનની ભુખની ભુખ મટાડવા માટે જ મને અહીં મોકલ્યો લાગે છે..!

ધન વૈભવ હોવા છતાં તેમાં આસક્તિ ના રાખવી અને વિશ્વેશ્વરના ચરણોમાં બેસી પોતાના અહંકારને ગાળીને આત્માના અનુભવમાં જે પોતાના જીવનને ધન્ય કરી લે છે તે જ સાચો ધનવાન છે...

ગુરૂદેવ બાબા હરદેવસિંહજી મહારાજ નિરંકારી બાબા એ સત્ય જ કહ્યું છે કે:

!! જેટલી ઊંડી આસક્તિ એટલું મોટું દુઃખ !!(SANKLAN)



SUMITRABEN D.PARMAR

## ગુજરાતમાં ફરીથી કાતિલ ઠંડીનો દોર શરૂ

અમદાવાદ,તા.૩૧

ગુજરાતમાં ફરીથી કાતિલ ઠંડીનો દોર શરૂ થઈ ગયો છે. નલિયામાં ઠંડીનો પારો એટલો નીચે ગગડી ગયો છે કે, હાલ નલિયામાં હિમાલય જેવી કાતિલ ઠંડી વાઈ રહી છે. જોકે, ગુરુવાર કરતા શુક્રવારનો દિવસ થોડો ઓછો ઠંડો રહ્યો છે. રાજ્યમાં ઠંડીના પારામાં આંશિક ઘટાડો થયો છે. ૯.૬ ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુગાર બન્યુ છે. ગુજરાતમાં માવઠાની અસરના કારણે ઠંડીનું જોર વધ્યું છે. હજુ પણ હવામાન વિભાગની આગાહી મુજબ ઠંડી વધી શકે છે.રાજ્યમાં તાપમાન નલિયા ૯.૬ ડિગ્રી,ભૂજ ૧૦.૮ ડિગ્રી,ડીસા ૧૨,વડોદરા ૧૩.૬,અમરેલી ૧૪,રાજકોટ ૧૪,અમદાવાદ ૧૪.૨,૪ જાન્યુઆરી સુધી આવીને આવી જ ઠંડી રહેશે હવામાન વિભાગે કોલ્ડવેવને લઈને ઉત્તર અને મધ્ય ભારતમાં એલર્ટ જાહેર કર્યું છે. આ દિવસોમાં તાપમાનનો પારો હજી ગગડી શકે છે. ઉત્તર ભારતમાં આવતાં ૩થી ૪ દિવસો દરમ્યાન લઘુતમ તાપમાનમાં ૨-૪ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાશે. તો મધ્ય ભારતમાં પણ તાપમાન ઘટી શકે છે. જેની અસર ગુજરાતમાં પણ જોવા મળશે. બીજી બાજુ ઉત્તર પ્રદેશના કેટલાય વિસ્તાઓમાં પણ ધુમ્મસ વધી શકે છે. નવા વર્ષમાં ૩ જાન્યુઆરી સુધી દિલ્હી, હરિયાણા અને પંજાબમાં ઠંડી વધવાની ચેતવણી આપવામાં આવી છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યુઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા
NOG. SS: 0089
પ્રકાર : પદ્ય
વિષયઃ વિતેલા વર્ષની યાદો
શીર્ષક : " રોલરકોસટર જીવનમાં

ગુજરતું વર્ષ કરે આગમન નવા વર્ષનું
થોડું થોડું ગુજરી જવાયું, થોડું અચંબે ને હસવામાં
શું દેખાડે જમાનો સમાજે, કરોના બુસટર શોટ સેવામાં
પ..ટુકડા ટુકડા વિખરાઇ ગુજરતું વર્ષ આજ વિશ્વમાં (૧)
મિત્ર સગા સંબંધીની વિદાયે, અશ્રુ વહયા ચોધાર રોવામાં
ગુજરતા વર્ષમાં કટકા કટકા અમોથી ગુજરાયું રોજ વરસમાં
પ..ટુકડા ટુકડા વિખરાઇ ગુજરતું વર્ષ આજ વિશ્વમાં (૨)
નવા વર્ષે ભાગે કરોના જોવાતા નથી આંકડા ગલોબલમાં
અંતર રાખીએ સમજ બદલી, પોતપોતાના કામે રિસકમાં
પ..ટુકડા ટુકડા વિખરાઇ ગુજરતું વર્ષ આજ વિશ્વમાં (૩)
ઘરગથ્થુ દવાનો ખજાનો સંસ્કૃતિમાં, ભાન કરાવે હવે વિશ્વમાં
ના ઝગડા દેશ વિદેશમાં ને વધે પ્રેમ ને આબાદી જીવનમાં
પ..ટુકડા ટુકડા વિખરાઇ ગુજરતું વર્ષ આજ વિશ્વમાં (૪)
ખુશી પૌત્રના આગમને અને અપાર દુઃખ ભત્રિજાને ખોવામાં
અપ એનડ ડાઉન રોલરકોસટર જીવન સમાચારમાં
પ..ટુકડા ટુકડા વિખરાઇ ગુજરતું વર્ષ આજ વિશ્વમાં (૫)
નવું શીખીએ નવું જાણીએ , જીવ ગૂંથ્યા પ્રભુ ભજનમાં
ગુજરતા વર્ષે સહર્ષ સ્વીકારી ઓળખીએ આત્મા ભક્તિમાં
પ..ટુકડા ટુકડા વિખરાઇ ગુજરતું વર્ષ આજ વિશ્વમાં (૬)

રેખા શુકલ.અમેરિકા

---

NOG SS NO.0081
વિષયઃ વીતેલાં વર્ષની ખાટી મીઠી યાદો
પ્રકાર : ગદ્ય
શીર્ષક : અનોખું વર્ષ જિંદગીનું

વર્ષ તો તારીખ રૂપે બદલાતું જાય પણ અંકિત કરી જાય એક અનુભવ ,એક અવિસ્મરણીય ઘટનાક્રમ. વીતી જાય એ વખત અને આવે એ અચરજ..આમ માની જીવતાં થઈ ગયાં સૌ આ પળે પળે બદલાતા કોરોના કાળમાં.આમ તો એણે એકચક્રી રાજ લગભગ આઠ મહિના ચલાવ્યું.બીજી લહેરનો અનુભવ ભલભલાંને કંપાવી ગયો.

અંગત સ્વજનો ,સ્નેહી તેમજ મિત્ર વર્તુળમાં ખળભળાટ મચી ગયો.રોજ સવાર પડે એ જ લાચાર વાતો,નિઃસહાય સ્થિતિ ... જાણે હસતી રમતી દુનિયાને કોઈની નજર લાગી ગઈ.ફોન જાણે અકારો લાગવા માંડ્યો,ક્યા સમાચાર હશે એવી અણજાણ ભીતિમાં મન ફફડી રહેતું. બે અંગત સ્વજનો ,સ્નેહીઓને ઘરે બેસી અશ્રુથી અંજલિ આપી, ત્યારે સૂતક ,બારમા તેરમાની વિધિ વિશે આપણાં રિવાજોને દિલ તોલી રહ્યું. એ રિવાજ વિના પણ એ આત્માઓની સદ્‌ગતિ થઈ જ હશે એમ સ્વીકારી લીધું.મોબાઈલનાં નંબર હજી એમની યાદ તાજી કરાવે છે ત્યારે એમની સાથે ગાળેલી ક્ષણોને પંપાળી લઉં છું.

એક સ્વજન જેવી સખીના પતિને કોરોના માટે હોસ્પિટલમાં ખસેડાયા ત્યારે નામસ્મરણ દ્વારા મેં અને એણે એક અજબ ચમત્કાર અનુભવ્યો કારણ કે એ ઘરમાં સાવ એકલી અને વળી હાર્ટપેશન્ટ. એનાં પતિને ઘરે લાવતાં વિલંબ થયો પણ એને મળેલ પેલાં કિમિયાએ એ સ્વસ્થ રહી એનો આનંદ.

આ દરમ્યાન મેં મારી જાતને વાળી સંગીત તરફ. ઘણાં વખતથી સેવેલી કી બોર્ડ ( કેસીયો) શીખવાની ઈચ્છા ઈશ્વરે પૂરી કરી ,એક સોળ વર્ષનો કિશોર મારો ગુરુ! એની શીખવવાની લગન, નિયમિતતા અને જ્ઞાન પર ગર્વ થાય.આજે સાત મહિના બાદ પણ એ યાત્રા મનને આનંદ આપી રહી છે અને કંઈક શીખ્યાનું ગૌરવ.

ટેકનોલોજીને ભાંડનારા ઘણાં સિનિયર સિટીઝનો છે પણ મારે માટે એ એક આશીર્વાદ સમાન છે.આગળ કદી મોબાઈલમાં ટાઈપ ન કરનાર હું ,અંતરંગ સહેલી જયશ્રી પાસેથી માર્ગદર્શન લઈને ,આપ સૌ અને ફેસબુકનાં વિશાળ વાંચક વૃંદ સમક્ષ રજૂ થઈ શકી એ ગત વર્ષની ઉપલબ્ધિ.

એ જ ટેક્નોલોજીએ ભગવદ્ ગીતાનાં એક વિશાળ પરિવાર સાથે પરિચય કરાવ્યો અને એક દિવ્ય અનુભૂતિ પણ,જેના દ્વારા આ કઠિન સમયમાં ધૈર્ય અને સમતા જેવાં ગુણો પર ધ્યાન આપ્યું .

ગત વર્ષે અનેક સાહિત્ય પ્રેમી સ્નેહી અને મિત્રોનાં એક અનોખાં રૂપનો પરિચય થયો જે જીવનભર એક મધુર મુકામ તરીકે હૈયે વસી ગયું.એમની સાથે થયેલી જ્ઞાન ગોષ્ઠિ ઘણું શીખવા પ્રેરી રહી.કદી ન મળ્યાં એવાં મિત્રોને ફક્ત અવાજ દ્વારા ઓળખી દિલે એક અજબ સ્નેહ સેતુ બાંધ્યો જે એક મધુર યાત્રાની સ્મૃતિ તરીકે અકબંધ રહેશે.

માયા દેસાઈ,મુંબઈ ભારત.

---

Pravina Kadakiya.MeM NOG Houston: NOG SS No: 0079
વિષય વીતેલાં વર્ષની ખાટી મીઠી યાદ
પ્રકાર. :- ગદ્ય
શીર્ષક : યાદોની વણજાર
પ્રવિણા અવિનાશ

ગત વર્ષ પુરુ થવાની ઘડી ગણાઈ રહી છે. શરુઆત ક્યાંથી કરું ?અસંમજસમાં છું. કોરોનાનો કેર ચારે તરફ ફેલાયો હતો. ઘરમાં નજર કેદ હતી. ભલું થજો વેક્સીન લીધા પછી હળવાશ થઈ .
સમયની કદર કરી રહી. કોરોના દરમ્યાન રાણા પ્રતાપ , ચંદ્રગુપ્ત મૌર્ય , રાણી અહલયા બાઈ, ચાણક્ય જેવી ઐતિહાસિક ધારાવહીક જોઈ . ભરવા ગુંથવાનું અને લેખન કાર્ય પૂર બહારમાં ચાલું રાખ્યું .
વેક્સીન લીધા હતાં એટલે સાવધાની પૂર્વક યોગના વર્ગ પણ ચાલુ કર્યા. જીવન હળવે હળવે મુકામ તરફ આગળ વધી રહ્યું છે.
શામાટે સમય બરબાદ કરવો? જે થવાનું હશે તે થશે, હાથ જોડી બેસી ન રહેવાય !
માર્ચ મહિનામાં નાના દીકરાના કુટુંબ સાથે કેલોરાડો ફરવા પણ ગઈ. બે દીકરીઓ સાથે આનંદ માણ્યો. હસવાનું નહી, ઘોડે સવારી પણ કરી. ઘોડાને તાન ચડ્યું. દોડવા લાગ્યો. સચેત થઈ ગઈ હતી. તેના ગળે વળગી પડી. ધીરેથી બાજુમાં બેસી ગઈ. પાંચ મિનિટમાં તો પાછી મુસાફરી આંગળની ચાલુ રાખી. હોટલ પર પાછા આવ્યા.
દીકરા વહુને શાંતિ થઈ કે મા હેમખેમ છે.
આવા સમયે પણ કુટુંબના બે લગ્નમાં જવું પડ્યું . અત્યાર સુધી ઘરમાં નાની હતી. અચાનક વડીલની પદવી મળી. બે મોટા જેઠાણી વધતી જતી ઉંમરને કારણે વિદાય થયા હતા. કોરોના કાળમાં જવું ન હતું છતાં જવું પડ્યું .
ક્યારેઆ બધી વ્યવહારની વાતોથી છુટકારો મળશે? પેલો પ્રસંગ યાદ આવે છે, " હું થાંભલાને વળગી છું કે થાંભલો મને છોડતો નથી?"
નકારાત્મક વિચારોને નજીક ઢુંકવા ન દીધાં. ઈશ્વરના સ્મરણનો લહાવો માણ્યો. ગીતાનો અભ્યાસ નિયમિત રીતે ચાલુ રાખ્યો . કોરોના, તારાથી ડરે એ બીજાં ? આશા છે ૨૦૨૧ ની વિદાય સાથે તું પણ હવે ગચ્છન્તી કરીશ !

---

N.O.G.S.S.No 0102.
વિષયઃ- ૨૦૨૧ ના વિતેલા વર્ષની યાદો.
પ્રકાર. :- ગદ્ય ( લેખ.)
શીર્ષક :- ૨૦૨૧ ના વિતેલા વર્ષની મારી સાહિત્ય સરિતા સાથેની યાદો.

હું રતિલાલ. વાયડા હીજ 'ક ઋકુહકૂંરેહકુઋકુ સાહિત્ય સરિતા ગ્રુપમાં ગયા વર્ષે જૂન મહિનામાં જોડાયો .,અને આ વર્ષના અંત સુધી મારી લગભગ ૩૦ જેટલી જુદા જુદા પ્રકારે આપવામાં આવેલા વિષય અનુસંધાને રચનાઓ રજૂ કરી.

ગ્રુપ સંચાલક શ્રી પ્રદિપભાઈ રાવલ ,એડમીન ગ્રુપના અન્ય સભ્યો શ્રીમતી મીનાક્ષીબેન રાવલ, જયશ્રીબેન પટેલ ,વિભૂતિબેન, શ્રી જયંતભાઈ ઘેલાણી ,તેમજ અન્ય સૌ મુરબ્બીઓ આ ગ્રુપની સાથે જોડાયેલા ટેકનિકલ સ્ટાફના સભ્યો, અને મારા સાથીદાર લેખક મિત્રો. આ ગ્રુપમાં જોડાયા પછી મને ઘણા બધા લોકોનો અંગત અનેુરકુંજકું અને ફોન દ્વારા રૂબરૂ પરિચય કરવાનો મોકો મળ્યો. હું સુશુપ્ત હતો .આ ગ્રુપે મને લેખનકાર્યમાં જોડ્યો. ખાસ તો અલકાબેન કાનાણી નો વિશેષ આભાર જેમણે મને આ ગ્રુપમાં જોડાવા માટેની પ્રેરણા આપી, અને ત્યાર પછી તો હું લખતો રહ્યો .ગ્રુપના સભ્યો ના સાથ સહકારથી મારી કૃતિઓ રજુ થતી રહી લોકપ્રિયતા પણ મળી. ઘણા બધા લોકો સાથે હળવા-મળવાનો મોકો મળ્યો .આ માટે હું મારી જાતે ધન્યતા અનુભવું છું, અને સાથે સાથે સાહિત્ય સરિતા ગ્રુપ આવતા વર્ષે અને વર્ષો સુધી હંમેશા પોતાની સુંદર કામગીરી તે લોકો સમક્ષ સાહિત્યના જુદાજુદા પ્રકારો પીરસતા રહે .લોકો તેનો આનંદ માણે એજ અભ્યર્થના સાથે. આ ગ્રુપની ખુબ ખુબ શુભેચ્છા અને પ્રગતિ થતી રહે તેવી સદભાવના વ્યક્ત કરું છું .

મારી સુષુપ્ત લેખન પ્રવૃત્તિને જાગૃત કરી સરિતા ગ્રુપે જે પ્રેરણા આપી છે તે હું કદાચ ક્યારેય પણ નહીં ભૂલી શકું . ગ્રુપના સૌ સભ્યો અને એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફનો ખૂબ-ખૂબ આભાર.

રતીલાલ વાયડા, નવી મુંબઈ.

---


NOG SS No: 0001
પ્રકાર : ગદ્ય
શીર્ષક : વીતેલા વર્ષની ખાટી,મીઠી યાદો

રહ્યું,સહ્યું વર્ષ પુરું થયું,સુખ ને મીઠાઈ સમજી મલકાતા મને આવકાર્યું અને દુઃખ ને દવા સમજી ગળી ગયો.. આમેય કોરોના નું બહાનું અન્ય હવે નવે નામે એમિક્રોન..સુખ દુઃખ ની લાગણી સમજતા સહજ સ્વીકારતા વર્તુળ માં વખાણેલી ખીચડી દાઢે વળગી ની જેમ વર્ષ પસાર થઈ ગયું .ક્યારેક સ્વભાવથી પર જઈને પણ સ્વભાવગત સંબંધો ટકાવી રાખવા પ્રત્યેક જગ્યાએ જતું કરી અનુભવે પ્રીતિ પ્રાપ્ત કરી.જવાબદારી ના ભાગ રૂપે ઘરમાં આવતો દીકરી ના વિવાહ નો પ્રસંગ પણ પોતીકા સહિયારા સાથ થી પૂર્ણ કર્યો..પારિવારિક અને સામાજિક તેમજ વ્યવસાઇક મિત્ર વર્તુળ માં પણ સમય સાથે બદલાતા સારા.નરસા અંગત સ્વભાવગત જીવન નો અહેસાસ પણ કર્યો..સમય ને સતત સારા વાતાવરણ માં રાખી જીવન જીવવાનો અહેસાસ કરતા સ્વ વિચારો અને તેના આચરણ નો કર્માભ્યાસે લાભ થયો.વર્ષ દરમિયાન ના સુંદર પાવન સ્થળો ની મુલાકાત થી સ્વચ્છ પોતીકા જીવન જીવવાનો ક્યાંક અંશ પણ મળ્યો.પારિવારિક સહજીવન ની સફળતા માં ક્યાંક ધર્મ રક્ષણ ના કવચ રૂપી કોરોના કાળ માં પણ આવી પડેલ પરિસ્થિતિ ને પહોંચી વળવાનો માર્ગ મળ્યો..
સાહિત્યિક ગ્રુપ સંચાલન માં સ્ત્રી,પુરુષ સહજ સ્વભાવગત રચનાઓ થકી વિભિન્ન સ્વભાવગત કલમ જોવા મળી.અંતે મતભેદો ભૂલી મનભેદ ના થાય તેના સતત પ્રયત્ન માં રહેવાનો એક સંકેત ગત વર્ષ ની સફળતાઓ ઉપર થી મળ્યો..વીતેલા સમય ની ત્રુટીઓ સુધારી તેને વાગોળવાની જગ્યાએ નવ વર્ષ ના નવા સૌને ગમે અને સ્વચ્છ જીવન ઉપયોગી સંકલ્પ સિદ્ધ કરવાનો રસ્તો બનાવવા પ્રયત્ન કરવાનું લક્ષ્ય.....લક્ષ્મી અને સરસ્વતીની ઉપાસના ઇષ્ટદેવ મહાદેવ ની ભક્તિ માથી પ્રાપ્ત થયેલા નું સફળતાઓ ઉપરથી સરવૈયું મળ્યું....
નવા વર્ષે અનુભવે પ્રીતિ પ્રાપ્ત થયા બાદ એટલું જ કહી શકું કે ખુશીઓ દાન ની જેમ વહેંચવાથી આર્થિક,સામાજિક ખાડાઓ આપોઆપ પુરાઈ જાય..અને ખુશીઓ પ્રાપ્ત કરવા સતત અન્યાય.પાપ કર્મ બાંધતા ખાડાઓ વધતા જાય અને તેને જાતેજ કર્મનું ભાથું બાંધી સમય નો વ્યય કરી પૂરવા પડે અને ઉંમર આમજ સ્વભાવગત વહી જાય..અંતે રાંડ્યા પછીનું ડહાપણ કરવાના વારા આવે...તે પહેલાં કોઈનું સારું સારું આવકારી જીવન માં ઉતારતા શીખીએ...
ગત વર્ષ ની સફર માં મળેલ સૌ આપ્તજનો ના સાથ સહકાર બદલ ખુબ ખુબ આભાર...નવા વર્ષે આવો સહ સ્વભાવ કેળવીને સામૂહિક પ્રગતિ તરફ આગળ વધીએ...નવા વર્ષ ની શુભેચ્છાઓ ...

સંચાલક : પ્રદીપ રાવલ

## ઋણસ્વીકાર ...

મિત્રો
નવા વર્ષનું આવવું એટલે
નવી ક્ષિતિજો નું ખુલવું.દરોજ સવારે ઉગતો સુરજ
આજે નવો જ લાગે,નવી ખુશી વાવવાની
નવી આશાઓ જગાડવાની
હર્યા ભર્યા ખેતર જેવા સપના જોવાના
ઋણાનુબંધે સંબંધો ઉગ્યા તેને સ્નેહે સિંચવાના
અને શુષ્ક સંબંધમાં ઋણસ્વીકાર કરતા ,ફોરમ રેલાવાની
નવી શરુઆત કરવાની,
,નથી ગમ્યું નથી ફાવ્યું કે નથી જામ્યું,
બધુ ભુલી આગળ વધવાનું
જીવનના જુના કેલેન્ડરના પાના ફાડી બધું જ નવુ ..
નવા નક્કોર કેલેનડર જેવા આપણે
અંતરનું અજવાળું કરવાનું, બધે ઉજાસ પાથરવાનો
શુભ ભાવ શુભેચ્છા બની જાય..ત્યાં સુધી મનને ધસવાનું
નવા વર્ષની શુભેચ્છા આપવાની, લેવાની ખોબો ભરાય ત્યાં સુધી
હું આવી અનેક શુભેચ્છાને મેં વર્ષ દરમ્યાન મેળવી છે.
આપના હ્રદયનામાંથી ફૂટી નીકળતી
આ મંગળ ભાવનાએ મને ભાગ્યશાળી બનાવી છે.
આપણા સહુનું બેઠકમાં મળવું માત્ર ઋણાનુબંધ નથી
તમારા બધાનો પ્રેમ છે.હું ઋણસ્વીકાર કરુ છું
હું નિશબ્દ બનું છું...
અને આંખની ભીનાશ આસું બની ઝાકળ ની જેમ પથરાય છે
નુતનવર્ષ નો પ્રારંભ થતા, સૂર્યના કિરણો ઉજાસ પાથરી દે છે.
દિલમાં ગુંજી ઉઠે છે શબ્દો.. સુખ, સમૃદ્ધિ, શાંતિ,
એશ્વર્ય અને તંદુરસ્તી સૌને પ્રાપ્ત થાવ.
હેપી ન્યુ યર...
પ્રજ્ઞા દાદભાવાલા...અમેરિકા




## નવા વર્ષની ઉજવણીને શરાબ સાથે શું સંબંધ?

આપણો ભારત દેશ બીનસાંપ્રદાયિક દેશ છે. અહીં દરેક જ્ઞાતિના, દરેક સંપ્રદાયના પ્રજાજનો, પોતાનો ધર્મ પાળી શકે છે અને પોતાનો તહેવાર કે પર્વ રાજીખુશીથી મનાવી શકે છે. પરંતુ છેલ્લાં કેટલાય વર્ષોથી એક અલગ અને નવો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે કે, કોઈપણ પર્વ કે તહેવારની ઉજવણીના ભાગરૂપે શરાબનું સેવન અનિવાર્ય બની ગયું છે. નવી પેઢીના યુવક અને યુવતીઓને દારૂ વગર પાર્ટી કરવી કે તહેવારની ઉજવણી કરવી અધૂરી લાગે છે.

આપણી હિન્દુ સંસ્કૃતિમાં નવુ વર્ષ, નૂતન વર્ષ કે બેસતુ વર્ષ કારતક સુદ એકમના દિવસે ગણાય છે. આપણી સંસ્કૃતિના નવા વર્ષની ઉજવણીને ખાસ મહત્વ આપવામાં આવતું નથી. હવેની નવી પેઢીમાં ખાસ કરીને, આપણું યુવાધન પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાવા લાગ્યું છે અને ડિસેમ્બર મહિનાની થર્ટી ફસ્ટની રાતે ૧૨ વાગ્યા પછી ઝગમગતી આંખોને આંજી દે એવી ઝગમધાટ રોશનીમાં ખુલ્લી સડક ઉપર કુમળી વયના તેમજ યુવાન વયના યુવક તથા યુવતિઓ, કાન ફાડી નાંખે એવા ડીજેના સથવારે, એકબીજાની કમરમાં હાથ નાંખીને, સમાજની પરવા કર્યા વગર ખુલ્લેઆમ વિચિત્ર ઢબના ડાન્સ કરે છે, જાહેરમાં ફટાકડા ફોડે છે, એકબીજાને આલિંગન આપે છે, એકબીજાને અવનવી ગિફ્ટ આપે છે અને નવા વર્ષની શુભેચ્છા પાઠવે છે. આ બધું તો ઠીક છે, પરંતુ થર્ટી ફસ્ટની રાતે દેશી તથા વિદેશી દારૂનો દૌર આખી રાત સુધી ચાલુ રહે છે, અને યુવાધન છાકટુ બની જાય છે. આના ભાગરૂપે ક્યારેક યુવતીઓની છેડતી, પજવણી,અશ્લીલ મજાક,અભદ્ર ચેનચાળા કે બળાત્કાર સુધીના બનાવો બનવાના સંજોગો ઉભા થાય છે. પશ્ચિમની સંસ્કૃતિ આપણી સંસ્કૃતિ કરતાં તદ્દન વિપરીત છે, છતાં, આપણે બધાં એનું આંધળુ અનુકરણ કરીએ છીએ. હકિકતમાં ડિસેમ્બર મહિનામાં વિદેશોમાં વધારે પ્રમાણમાં ઠંડીનું જોર વધે છે એથી ઠંડીથી રક્ષણ મેળવવા તથા શરીરનું તાપમાન જાળવી રાખવા માટે તેઓ શરાબનો આશરો લ્યે છે. જ્યારે આપણી તો આંબોહવા જ ગરમ છે, તેથી શરાબનું સેવન કરવાથી શરીરને હાનિ જ થાય છે. તહેવારોની ઉજવણીને દારૂ કે શરાબ સાથે કાંઈ લેવાદેવા છે જ નહી, છતાં, હવે તો કોઈને કોઈ નાનું કે મોટુ પર્વ, ઉત્સવ, તહેવાર, પ્રસંગ, પાર્ટી, વિગેરેમાં અગાઉથી જ શરાબની વ્યવસ્થા કરી દેવામાં આવે છે. પહેલાં તો મદિરા કે શરાબનું સેવન અમુક જ્ઞાતિના જ્ઞાતિજનો જ કરતા હતાં, પરંતુ હવે તો ભદ્ર સમાજના વ્યક્તિઓ પણ દરેક પ્રસંગે શરાબનું સેવન કરે છે. વાત આટલેથી અટકતી નથી, પરંતુ આજની આધુનિક અને ભદ્ર સમાજની સુશિક્ષિત યુવતીઓ તથા મહિલાઓ પણ સિગારેટનો કસ અને શરાબની ચુસ્કી લેતાં અચકાતી નથી. વાસ્તવમાં કોઈપણ પ્રસંગની ઉજવણીને શરાબ સાથે કાંઈ નિસ્બત કે લેવાદેવા જ નથી, છતાં × પીનેવાલો કો પીને કા બહાના ચાહિયે× એ ન્યાયે પશ્ચિમી સંસ્કૃતિથી રંગાયેલ, યુવા પેઢી અને હિંદુ સંસ્કૃતિ ભવિષ્યમાં શું કરવટ બદલશે એ તો આવનારો સમય જ બતાવશે.

યોગેશભાઈ આર જોષી
હાલોલઃ ૩૮૯ ૩૫૦,
જી.પંચમહાલ.



### રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના ૨૫ વર્ષના સાહિત્યિક વારસાની ઝાંખી અમદાવાદ કલેક્ટર કચેરીમાં...

# "આઝાદી કા અમૃત મહોત્સવ" અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ નિમિત્તે અમદાવાદ કલેક્ટર કચેરીમાં 'મેઘાણી-સાહિત્ય' કોર્નર મુકાયુ

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે શ્રી ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીની પ્રેરક ઉપસ્થિતમાં અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરીમાં કલેક્ટરમાં "મેઘાણી સાહિત્ય કોર્નર" મુકવામાં આવ્યું હતુ.

અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે અને નિવાસી અધિક કલેકટર શ્રી પી. બી. પંડ્યા અને અધિક નિવાસી નાયબ કલેકટર યોગીરાજસિંહ ગોહિલે સાહિત્ય કોર્નરનું નિરીક્ષણ કરી ઉપલબ્ધ પુસ્તકો વિશેની રસપ્રદ માહિતી મેળવી હતી.

રાજયની જિલ્લા કલેક્ટર કચેરીમાં આ પ્રકારનું સાહિત્ય કોર્નર મુકવાની પહેલ હાથ ધરાઇ હોય તેવી અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી પ્રથમ છે.

ઝવેરચંદ મેઘાણીના જીવન, કાર્ય અને સાહિત્યથી નવી પેઢી પરિચિત-પ્રેરિત થાય તે આશયથી પિનાકી મેઘાણીની પ્રેરણાથી ગુજરાતભરમાં ૮૦ જેટલાં મેઘાણી-સાહિત્ય કોર્નરની સ્થાપના લાયબ્રેરી, શાળા-કોલેજ, પોલીસ સ્ટેશન, જેલ વગેરેમાં થઇ છે.



અમેરિકા સ્થિત સાહિત્ય-સંસ્કૃતિ-પ્રેમી ડો. અક્ષય શાહ - અનાર શાહના સહયોગથી અહીં મેઘાણી-સાહિત્ય કોર્નરની સ્થાપના થઈ છે.

ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ અંતર્ગત ૧૨૫ મેઘાણી-સાહિત્ય કોર્નરની સ્થાપના થાય તેવી લોકલાગણી છે.

મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરનાં ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજેલાં તેવાં સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યનાં સંશોધક, સ્વાતંત્ર-સેનાની અને સંનિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીએ ૨૫ વર્ષના ટૂકાં ગાળામાં કવિતા, નવલકથા, નવલિકા, નાટક, જીવન-ચરિત્ર, ઈતિહાસ, પ્રવાસ-વર્ણન, લોકસાહિત્ય સંશોધન અને વિવેચન, લોકગીતો, લોકકથાઓ એવા વિવિધ વિષયોનાં ૧૦૦ જેટલાં પુસ્તકો લખ્યાં હતાં. આમાંનાં ૭૫ જેટલાં પ્રાપ્ય પુસ્તકો ૬ટ૩ટ૧ ફૂટનાં કલાત્મક કાચનાં કબાટમાં વિષયવાર મૂકાયા છે. ઝવેરચંદ મેઘાણીએ ૧૯૨૨માં લખેલ પ્રથમ પુસ્તક કુરબાનીની કથાઓથી લઈને ૧૯૪૭માં અવસાન થયુ ત્યારે અપૂર્ણ રહેલી નવલકથા કાળચક્ર ઉપરાંત તેમના અતિ લોકપ્રિય પુસ્તકો યુગવંદના, સિંધુડો, વેવિશાળ, સોરઠ તારાં વહેતાં પાણી, તુલસી-ક્યારો, માણસાઈના દીવા, સૌરાષ્ટ્રની રસધાર, સોરઠી બહારવટિયા, સોરઠી સંતો, રઢિયાળી રાત, સોરઠી સંતવાણી ખાસ ઉપલબ્ધ કરાયાં છે.

-અમિતસિંહ ચૌહાણ

**સ્વચ્છ ભારત મીશન અંતર્ગત ત્રણ ગામોમાં કુલ રૂ. ૯ લાખના ખર્ચે તૈયાર સામુહીક શૌચાલયનું લોકાર્પણ કરાયું**

# દાહોદ જિલ્લામાં સુશાસન સપ્તાહ નિમિત્તે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં યોજાયો



દાહોદ, તા. ૩૧ :

દાહોદ જિલ્લામાં સુશાસન સપ્તાહ નિમિત્તે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં યોજાયો હતો. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આયોજીત કાર્યક્રમમાં ૩૩૯૭.૬૪ લાખ રૂ.ના ખર્ચે ૩૦૨૫ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ૩૬૬.૮૭ લાખના ખર્ચે ૧૦૭૬ વિકાસ કાર્યોનું ખાત મુહૂર્ત સાંસદ ભાભોરે કર્યું હતું. તેમજ પ્રજાકલ્યાણ લક્ષી વિવિધ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને મંજૂરીપત્રો અપાયા હતા.

આ પ્રસંગે સાંસદ ભાભોરે જણાવ્યું કે, પૂજ્ય બાપુના ગ્રામ સ્વરાજનાં સ્વપ્નને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ પોતાના ગ્રામઉદ્ધારલક્ષી વિકાસ કાર્યો થકી ચરિતાર્થ કર્યું છે. તેમણે ગોકુલ ગામ, આદર્શ ગામ એમ અલગ અલગ રીતે ગામડાઓને વિકાસ સાથે જોડવાનું કાર્ય કર્યું છે. તેઓ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે ગામની એકતા-સંપ અને મજબુતાઇને કેન્દ્રમાં રાખીને સમરસ પંચાયત થાય તેનો પ્રારંભ કરાવ્યો હતો.

તેમણે ઉમેર્યું કે, જિલ્લાની ચૂંટણીમાં ૨૩ ગ્રામ પંચાયતો સમરસ થઇ છે અને રાજ્ય સરકાર દ્વારા આ માટે રૂ. ૧.૪૧ કરોડ અનુદાન પેટે આપવામાં આવ્યા છે. આ રકમનો ગ્રામસભા યોજીને સહિયારા નિર્ણય દ્વારા વીજળી, રસ્તા વગેરે મહત્વના ગ્રામ વિકાસનાં નક્કર કાર્યોમાં વાપરવા ખાસ ધ્યાન આપવાનું છે. અગાઉ સરપંચોને ખૂબ મૂશ્કેલી પડતી હતી. ગામમાં ઘણા વિકાસ કાર્યો ગ્રાન્ટ વગર થઇ શકતા નથી. એ પરિસ્થિતિ અત્યારે સાવ બદલાઇ ગઇ છે અને સરપંચો પાસે વિકાસ કાર્યો માટે વ્યાપક સત્તાઓ મળી છે. જિલ્લામાં છેલ્લા સાત વર્ષમાં વિકાસ કાર્યો માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨૭૨૬ કરોડ આપવામાં આવ્યા છે અને દાહોદ જિલ્લો વિકાસની નવી ક્ષિતિજોને આંબી રહ્યો છે.

તેમણે જણાવ્યું કે, ૧૫ માં નાણા પંચ અંતર્ગત જિલ્લામાં રૂ. ૪૭૨.૭૫ લાખના ખર્ચે ૨૯૧ વિકાસ કાર્યોનું આજે લોકાર્પણ કરાયું છે અને રૂ. ૨૭૩.૬૮ લાખના ખર્ચે ૧૮૦ વિકાસ કાર્યોનો આજથી પ્રારંભ કરાયો છે. આ ઉપરાંત ચાર નવા ગ્રામ પંચાયત ભવનનું રૂ. ૫૬ લાખના ખર્ચે પણ લોકાર્પણ કરાયું છે. જેમાં ઝાલોદનું રળીયાતી ભૂરા, લીલવા ઠાકોર, ખરસોડ અને દાહોદનું ડોકી (ડુંગરા) પંચાયતનો સમાવેશ થાય છે. તેમજ સ્વચ્છ ભારત મીશન અંતર્ગત ત્રણ ગામોમાં સામુહીક શૌચાલયનું પણ લોકાર્પણ કરાયું છે. જેમાં ૩-૩ લાખ રૂ. એમ કુલ રૂ. ૯ લાખના ખર્ચે દાહોદના બોરડી સરકારી, સંજેલીના નેનકી અને માંડલી ગામને સામુહીક શૌચાલય મળ્યું છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ જણાવ્યું કે, આજે દાહોદમાં રૂ. ૯૪૪.૬૯ લાખના મનરેગાના ૧૧૨૬ કામોનું લોકાર્પણ અને રૂ. ૬૨.૫૯ લાખના ખર્ચે મનરેગાના ૮૭૫ કામોનું ખાતમુહૂર્ત કરાયું છે. તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આજે ૧૬૦૪ લોકોને પોતાના ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. જયારે ૧૮ લાભાર્થીઓના આવાસનું ખાતમુહૂર્ત કરાયું છે. જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૯૭૫૩૯ આવાસો મંજૂર થયા છે. જેમાંથી ૮૮૨૩૬ પરિવારોને પોતાનું ઘર મળી ગયું છે. આ પ્રસંગે મહાનુભાવોએ પ્રધાનમંત્રી આવાસ યોજનાના પાંચ લાભાર્થી તેમજ ૩ સખીમંડળોને યોજનાકીય લાભોના મંજૂરીપત્રો આપ્યા હતા. જયારે સમરસ ગ્રામ પંચાયતના લાભાર્થીઓને અનુદાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં રાજકોટથી યોજાયેલા કાર્યક્રમનું જીવંત પ્રસારણ ઉપસ્થિત લોકોએ રસપૂર્વક નિહાળ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ વેળાએ ધારાસભ્ય શૈલેષભાઇ ભાભોર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બલાત, નાયબ જિલ્લા વિકાસ અધિકારી રાઠોડ, એપીએમસીના ચેરમેન કનૈયાલાલ, સહિતના વિવિધ જિલ્લા પંચાયતની સમિતિઓના ચેરમેન, તાલુકા પંચાયતના પ્રમુખ, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો સરપંચો તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

મયુર રાઠોડ દાહોદ

**સ્થાનિકો પરેશાન**

# ગાંધીનગરના સેક્ટર-૨માં ઉભરાતી ગટરની સમસ્યાનું મૂળ જ દોઢ મહિનાથી પાટનગર યોજના વિભાગને મળતું નથી..!

## નવ ઘરનું દૂષિત પાણી એક ઘરની સામેની ગટરની મુખ્ય ચેમ્બરમાં ઊભરાતાં પરિવાર ત્રાહિમામ પોકારી ઉઠયો

ગાંધીનગર

ગાંધીનગરમાં પાટનગર યોજના વિભાગની અણઆવડતનાં કારણે સેકટર - ૨ માં દોઢ મહિનાથી ઉભરાતી દૂષિત ગટરનું મૂળ કારણ આજદિન સુધી શોધી શકાયું નથી. નવાઈની વાત તો એ છે કે, વિભાગના મુખ્ય ઈજનેર પણ સ્થળ મુલાકાત લઈ ગયા, એકવાર રીપેર કરી અને બે વાર નવી બનાવી તેમ છતાં નવ ઘરનું દૂષિત પાણી એક ઘરની બહારની મુખ્ય ચેમ્બરમાં સતત ઊભરાતાં પરિવાર ત્રાહિમામ પોકારી ઉઠયો છે.

ગાંધીનગરમાં પાટનગર યોજના વિભાગ પાણી વિતરણ અને ગટર લાઈનનું વ્યવસ્થાપન કરી રહ્યું છે. જોકે, મોટાભાગના કામો કોન્ટ્રાક્ટ હસ્તક કરવામાં આવી રહ્યા હોવાથી વસાહતીઓની સમસ્યાનું સમયસર નિરાકરણ કે સંભાળવામાં આવતું નથી. સેકટર - ૨માં રહેતાં વસાહતી ગટરની સમસ્યાથી એટલી હદે કંટાળી ગયા છે કે હવે પરિવાર સાથે પાટનગર યોજના વિભાગ સામે મોરચો માંડવા પણ તૈયાર છે.

સેકટર - ૨/સી પ્લોટ નંબર ૮૯૪ માં રહેતા પ્રવિણસિંહ વાઘેલાનાં ઘરનાં પ્રવેશ દ્વાર સામે વર્ષો જુની ગટરની મુખ્ય ચેમ્બર



આવેલી છે. જેમાં આસપાસના નવ ઘરનું દૂષિત પાણી એકઠું થતું રહે છે. દોઢ મહિના અગાઉ કોઈ કારણસર ગટરની પાસે ગાબડું પડયું હતું. ત્યારે જઈને ખ્યાલ આવ્યો કે દૂષિત પાણી ગટરમાં નહીં પણ જમીનમાં ઉતરી રહ્યું છે. જે અંગે તેમણે પાટનગર યોજના વિભાગ ફરિયાદ કરી હતી. અનેક વાર ફોન કર્યા પછી માંડ માંડ પાટનગર યોજનાના માણસો આવ્યા હતા અને ગટર રીપેર કરીને રવાના થઈ ગયા હતા.

પરંતુ થોડા દિવસ પછી ફરીવાર એજ સમસ્યાનું નિર્માણ થયું હતું. એટલે પ્રવીણસિંહે ફરીવાર વિભાગમાં ફરિયાદ કરી હતી. એટલે પાછા વિભાગના કર્મચારીઓ આવીને નવી ગટર બનાવીને રવાના થઈ ગયા હતા. એક સમયે પરિવારને એવું લાગ્યું કે ગટરની સમસ્યાનું કાયમી નિરાકરણ આવી ગયું છે. પણ આ વખતે પણ થોડા વખતમાં જ ફરીવાર ગટરના દૂષિત પાણી ઉભરાવા લાગ્યા હતા. સ્થિતિ એટલે સુધી વણસી કે પાટનગર યોજના વિભાગના ઈજનેરને પણ વિઝિટ કરવાની ફરજ પડી હતી.

જેમની સૂચનાથી વધુ એક વાર નવી ચેમ્બર સાથેની ગટર બનાવી દેવાઈ પણ આજદિન સુધી પ્રવીણસિંહ સહિતના આસપાસના વસાહતીઓને ગટરની સમસ્યાથી છુટકારો મળ્યો નથી. એમાંય સૌથી વધુ મુશ્કેલી વાઘેલા પરિવાર દોઢ મહિનાથી વેઠી રહ્યો છે. કેમ કે ગટરની મુખ્ય ચેમ્બર તેમના ઘરની બિલકુલ સામે જ છે. હવે તો તેમના મકાનના ભોંયરાની દિવાલને અડીને આવેલી ગટરની પાઈપ લાઈનના કારણે ઘરની મજબૂતાઈ પર પણ જોખમ વર્તાઈ રહ્યું છે.

આ અંગે પ્રવીણસિંહે કહ્યું કે, છેલ્લા દોઢ મહિનાથી નવ ઘરનું દૂષિત પાણી ઘરની સામેની ગટરમાંથી ઉભરાઈ રહ્યું છે. હવે તો પાટનગર યોજના વિભાગના માણસો પણ સાંભળતા નથી. પરંતુ પરિવારના બાળકો બીમારીમાં સપડાઈ રહ્યા છે અનેક વખત રજૂઆત કરવાં છતાં પાટનગર યોજના વિભાગ હજી સુધી ઉભરાતી ગટરનાં મૂળ કારણ સુધી પહોંચી નથી કે સમસ્યાનું નિરાકરણ કરતી નથી. જેથી હવે પરિવાર સાથે વિભાગની કચેરી પરિવાર સાથે મોરચો માંડવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

# ચાણસ્માના રણાસણ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



ગુજરાત રાજ્ય સરકાર દ્વારા છેવાડાના ગામડાઓના લોકોને તાલુકા મથકે વિવિધ કામ માટે ન જવું પડે તે અનુસંધાને ઠેર ઠેર સેવા સેતુ ના પ્રોગ્રામ યોજી રહ્યા છે

પ્રાપ્ત થતી વિગતો મુજબ પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્માના રણાસણ ગામ એ આજરોજ સેવા સેતુ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો જેમાં ચાર જેટલા ગામોના લોકોએ વિવિધ યોજનાઓનો લાભ લેવામાં આવ્યો હતો આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ સોલંકી, તાલુકા વિકાસ અધિકારીશ્રી યોગેશભાઈ ભાવસાર, સુનિલભાઈ ઝાલા, મામલતદાર શ્રી, પુરવઠા મામલતદાર શ્રી પ્રકાશભાઈ પરમાર તેમજ વિવિધ વિદ્યુત બોર્ડના તેમજ આરોગ્ય કાર્યકરો ડોક્ટર ધિરેનભાઈ ઠાકોર, અતુલ ભાઈ પરમાર તેમજ આશાવર્કર બહેનો તેમજ નર્સ બહેનો ઉપસ્થિત રહી જરૂરિયાત મંદ લોકોની સારવાર કરવામાં આવી હતી તેમજ આ પ્રસંગે રણાસણ ગ્રામ પંચાયતના સરપંચ તેમજ નવનિયુક્ત સરપંચ ઉપસ્થિત રહ્યા હતા તેમજ રણાસણ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી શ્રી કાજલબેન પટેલ, તેમજ ચવેલી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીશ્રી ભાવિકા બેન પરમાર તેમજ ઝીલીયા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી શ્રી સરસ ભાઈ સહિતનો મામલતદાર ઓફિસ નો સ્ટાફ તેમજ તાલુકા પંચાયત નો સ્ટોફ ઉપસ્થિત રહી સેવા સેતુ ને સફળ બનાવ્યો હતો

રિપોર્ટર નિખિલ જોશી પાટણ

**અમદાવાદના બાવળા ખાતે**

# સુશાસન સપ્તાહના સમાપન સમારોહમાં રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિ

અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે સુશાસન સપ્તાહના સમાપન સમારોહને સંબોધતા રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી આર.સી.મકવાણાએ જણાવ્યું હતું કે જનભાગીદારીથી જ સુશાસનનો પાયો મજબૂત થાય છે.

શ્રી આર.સી.મકવાણા એ જણાવ્યું હતું કે, આ સુશાસન સપ્તાહના કાર્યક્રમો એ માત્ર કંઈ ઉજવણી નથી. પણ જનભાગીદારી થકી વિકાસ પ્રક્રિયાને આગળ ધપાવવાનો પ્રયાસ છે. તેમણે આ અવસરે ઉપસ્થિત જનસમૂહને શાસનમાં સક્રિય જનભાગીદારી માટેનું આહવાન પણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ શ્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિવસને અનુલક્ષીને સુશાસન સપ્તાહ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ સપ્તાહ દરમિયાન ૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન લોક કલ્યાણની વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાયના લાભ અને મંજૂરીપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતુ. શ્રી આર.સી.મકવાણાએ કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી લાભ પહોંચાડવા માટે કટિબદ્ધ છે. તેમણે યોજનાના લાભ લોકો સુધી પહોંચે તે માટે પાલન કરાતી પ્રક્રિયા અને ત્યારબાદ તેનું ફોલો-અપ કઈ રીતે કરવામાં આવે છે તેની વિગતો પણ આપી હતી. આ અવસરે શ્રી મકવાણાએ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આ મતક્ષેત્ર પર કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે અને તાજેતરમાં બાવળામાં ૪૮૬ જેટલા લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના લાભ આપવામાં આવ્યા તે બાબતની સાક્ષી પૂરે છે.

આ અવસરે સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રીએ પ્રજાજનોને આત્મનિર્ભર ભારત માટે સંકલ્પબદ્ધ થવાનો કોલ આપ્યો હતો અને ઉમેર્યું હતું કે, આપણે આત્મનિર્ભર ગુજરાત થકી જ આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર કરી શકીશું. મંત્રીશ્રીના હસ્તે પાંચ સમરસ થયેલ ગ્રામ પંચાયતોના સરપંચોને પ્રમાણપત્ર અને પ્રતિક સ્વરૂપે ચેક આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી આવાસ યોજનાના ચાર લાભાર્થીઓને પ્રતીકરૂપે ચાવી અર્પણ કરવામાં આવી હતી તેમ જ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત પાંચ સ્વ સહાય જૂથોને ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ,ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગ આયોગ ઉપાધ્યક્ષ શ્રી વિમલ ઉપાધ્યાય, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હર્ષદ ગીરી ગોસ્વામી , ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ મકવાણા, કારોબારી સમિતિના ચેરમેન શ્રી વિનોદભાઈ પટેલ તેમજ પદાધિકારીઓ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અંજલી શુકલ

# ડો.બી.આર.આંબેડકર સ્વયં સેવક સંઘનો સ્નાતક સમારોહ યોજાયો



ડો.બી.આર.આંબેડકર સ્વયં સેવક સંઘ, અમદાવાદ તથા શુભમ્ ગૃપ ઓફ ઈન્સ્ટિટયૂટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સ્નાતક સન્માન સમારોહમા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદબોધનમાં મંત્રી શ્રી એ જણાવ્યું હતું કે × આર્થિક રીતે સધ્ધર ન હોય એવા વિધાર્થીનીઓ આ સંસ્થામા આવીને અભ્યાસ કરી રહ્યા છે ત્યારે સંસ્થા ઓછી ફી લઈને સમાજમા ઉચ્ચ શિક્ષણ આપવાનુ સામાજિક દાયિત્વ નિભાવી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારતની નેમ વ્યક્ત કરી છે એમાં ભારતનું ભવિષ્ય એવા વિધાર્થીઓ શિક્ષણ થકી આગળ આવે અને ખરા અર્થમાં આત્મનિર્ભર બને તેવાં પ્રયાસોમા અનેક શૈક્ષણિક સંસ્થાઓ સાથે સમાજના લોકો રાહતદરે જે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે તે ખરેખર પ્રશંસનીય કામગીરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શુભમ,સોહમ અને શાન્તમ્ ગૃપ ઓફ ઈન્સ્ટિટયૂટ તથા મહાત્મા ગાંધી ફિઝીયોથેરાપી કોલેજ દ્વારા અમદાવાદમાં ૧૧ વર્ષથી નર્સિંગ અને લો કરવા માટે વિધ્યાર્થીઓને અભ્યાસનું માળખું પુરું પાડે છે. ઉપરોક્ત ઈન્સ્ટીટયૂટમાં ANM,GNM,BSc(N),PBBSc(N),MSc(N) BPT પેરા મેડિકલ કોર્ષનો અભ્યાસ ઉપલબ્ધ છે. જેમા તમામ ધર્મ અને જ્ઞાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.સંસ્થામા વિષય નિષ્ણાંતો, તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપીને શિક્ષણકાર્ય આપવામાં આવે છે.

કોવિડ ૧૯ ના સમયગાળા દરમિયાન સંસ્થાના નર્સિંગની વિદ્યાર્થીનીઓએ અભ્યાસ સાથે વિશેષ રીતે સેવા ફરજ પુરી પાડી હતી એવા તેજસ્વી વિદ્યાર્થીઓનો તથા ડિપ્લોમા અને ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓને સત્કારવાનો સમારોહ યોજાયો હતો .

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યશ્રીઓ, હોદેદારો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મનીષા પ્રધાન

# માલપુર તાલુકાના પરસોડા ગામ ની રચના પટેલે પ્રથમ પાયલોટ બની રચ્યો ઈતિહાસ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાનાપરસોડા ગામ નિવાસી હાલ આણંદ ના રહીશપટેલ ઈશ્વરભાઈખાતુભાઈ ની સુપુત્રી અને માલપુર તાલુકાના જેસવાડી નિવાસી કમલેશભાઈ શંકરભાઈ પટેલ હાલ મોડાસા ના જાણીતા બિલ્ડર્સ-મોડાસા નાગરિક બેક્ર ના પૂર્વ ચેરમેન તેમજ મોડાસા નગરપાલિકા ના કોર્પોરેટર અને ભાજપ ના આગેવાનના સુપુત્ર હિલન ની અર્ધાગીની રચના પટેલ માલપુર તાલુકા ૫૨ ગામ લેઊઆ પાટીદાર સમાજ ની પ્રથમ અને સમગ્ર ઊત્તર ગુજરાત નું નામ રોશન કરી ''પાઈલોટ ''ની પદવી હાંશલ કરી હવાઈ ઝાહાજની

સફળ ઊડાન કરી ઊચ્ચ સફળતા મેળવી સમાજ નું તેમજ અરવલ્લી જિલ્લામાં નામ રોશન કરવા બદલ ઠેર ઠેર થી અભિનંદન ની વર્ષા વરસી રહી છે

રચના પટેલ ૧૨ મા ધોરણ પછી ગુજરાત ફાઈનગ કલબ વડોદરામાં ભણવાનું સારુ કર્યું અને વધારે આગળ જાવા માટે દિલ્હી ટ્યૂશન કલાસ સારું કર્યા અને રચના પટેલને ૮ મા ધોરણ મા હતી ત્યારથી ઈચ્છા હતીકે પાયલોટ બનવાની અને રચના પટેલના કુટુંબમાં બધા લોકો બહુજ સપોર્ટ કર્યો કે તું પાયલોટ બન ત્યારે જો વાત કરીએ. તો રચના પટેલના પતિ હિલન પણ તેને સપોર્ટ કર્યો અને જ્યારે કોઈ પ્રોબ્લેમ આવે આવે ત્યારે તેને હિલન શિખામણ આપતો અને સમજાવતો અને તેને આગળ વધવા માટે પ્રોત્સાહન આપતો જયારે તેને પૂરેપૂરી માહિતી નોહતી ત્યારે રચના ફેશન ડિઝાઈનગ નું કરતી અને જયારે ગુજરાત ફલાયઈંગ કલબ વડોદરા ની જાહેરાત આવી અને ખબર પડી ત્યારે રચના પટેલ જોઈનિંગ કર્યું અને ત્યાં વડોદરા ગયા પાછી બધા સરનો ખુબજ સપોર્ટ મળ્યો રચના પટેલ ફલાઈનિંગમાં ૨૦૦ કલાકની ટ્રેનિંગ હોય તેમાં ૧૦૦ કલાક તો સર જોડે હોય અને બીજા ૧૦૦ કલાક ગુજરાતના નજીકના રાજ્યોમાં હોય અને રચના પટેલ એ ફલાઈંગ પૂરું કર્યું અને તરતજ કોમરશિયલ લાઈસન્સ મડી ગયું અને ખાસ જો વાત કરીએ તો પોતાના કુટુંબનો બહુજ સપોર્ટ રહ્યો અનેઆજે રચના પટેલ પાયલોટ બની ગઈ અને સમાજમાટે ઉત્તમ ઉદાહણન પૂરું પાડ્યું

# સ્વર્ણિમ ગજરાત યુથ ફાઉન્ડેસન સુરત દ્વારા નવા વર્ષ ની ઉજવણી આગનના ભૂલકાંઓ સાથે મનાવી

ઘનશ્યામ બિરલા નું ૯૬ મી વાર રક્તદાન સ્વર્ણિમ ગજરાત યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા ૨૦૨૧ ના વર્ષ ની વિદાય તેમજ નવી આશા ને ઉમંગ સાથે નવા ૨૦૨૨ ના વર્ષ ને આવકારવા ના ઉમંગ સાથે ઉત્રાણ આંગણવાડી ના બાળકો સાથે ઉજવણી કરી સંસ્થાના પ્રમુખ શ્રી ઘનશ્યામ બિરલા દ્વારા ૯૬ મી વાર રક્તદાન કરીને નવા વર્ષ ની ઉજવણી કરી હતી.

આ કાર્યક્રમ ની વિગત આપતા બિરલા એ જણાવ્યું હતું કે ૨૦૨૧ નું વર્ષ સમગ્ર વિશ્વ માટે એક દુ:ખદાયક હતું કોરાના મહામારી એ લોકો ની જીંદગી તહસનહસ કરી નાખી હતી ત્યારે ઉત્રાણ આંગણવાડી ના ગરીબ બાળકો ને ગિફ્ટ તેમજ માસ્ક ને બિસ્કીટ ની ભેટ વિગેરે સંસ્થા દ્વારા આપવામાં આવી હતી કોરોના મહામારી દરમ્યાન છેલા ઘણા સમય થયા આં બાળકો આંગણવાડી થી દુર છે જે આજરોજ આંગણવાડી માં આવતા તે નાનકડા ભૂલકાંનાચહેરા પર જે ખુશી જોય તેને જોય ને આનંદ ની લાગણી થય હતી. તેમજ આ બાળકો ને માસ્ક ની ગિફ્ટ આપીને એક એવો મેસેજ આપવાનો પ્રયાસ હતો કે હજુ કોરોના ગયો નથી માટેબાળકો દ્વારા તેના વાલી ઓને પણ જાગૃત કરવા નો ઉદેશ હતા.

આં કાર્યક્રમ માં ગોપાલ રાદડીયા કિશાનસેલ પ્રદેશ મેમ્બર બીજેપી સામાજિક અગ્રણી બટુકભાઈ વાડદોરિયા હરેશ માંગરોળીયા દિનેશ ભાયાણી તેમજ ચેતના સોજીત્રા જેવા અગ્રણીઓ એ હાજરી આપ હતી.સ્વર્ણિમ ટીમ ના ડો પ્રફુલ્લ સિરોયા ડો મુકેશ પડસાલા ડો મંધુકાંત ગોંડલિયા ધિમાંન રાજપૂત. નરેશ દેવળીયા ઘનશ્યામ પાધરા દિલીપ ચકલાસિયા વગેરે મિત્રો એ આવા સુંદર પોગ્રામ દ્વારા નવા વર્ષ ની ઉજવણીને બિરદાવી હતી

# ગુજરાત સીને મીડિયા સ્પેશ્યલ એચીવમેન્ટ એવોર્ડ- ૨૦૨૧ થી પ્રો.ડો. કુંજલ ત્રિવેદી વડોદરા ખાતે સન્માનિત

સંસ્કારી નગરી વડોદરાના આંગણે રાજકોટ ગુજરાત ને ગૌરવ અપાવનાર ડૉ કુંજલ ત્રિવેદી ને સાહિત્યકાર, પત્રકાર અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલ કલાકાર કસબીઓ, , શ્રેષ્ઠ શિક્ષકો અને વિવિધ ઉધોગિક સાહસિકો માટેનો એવોર્ડ સમારોહ માં સમાજની વિશિષ્ટ સેવા ઓ માટે ગુજરાત સીને સ્પેશ્યલ એચીવમેન્ટ એવોર્ડ- ૨૦૨૧થી સન્માનિત કરવા બદલ ગ્રેવા ફિલ્મ પ્રોડક્શનના દ્વારા પંડિત દીનદયાલ હોલ આજવા રોડ વડોદરા ખાતે તેઓનું સન્માન આદરણીય શ્રી મહેશ સવાણી ઉધોગપતિ સુરત જેઓના દ્વારા ૪૫૦૦ જેટલી કન્યાઓ નું કન્યાદાન કરાયું છે એવા અને લોક પ્રિય કવિ લેખક શ્રી નૈષધ મકવાણા સાહેબ પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પૂર્વ ઓફિસ સુપ્રિટેન્ડેંટ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસ નું ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું છે. ડૉ કુંજલ ત્રિવેદી સંસ્કૃત ભારતી પુર્ણકાલીન સમર્પિત રાષ્ટ્રીય સેવિકા છે.

વંદે માતરમ્ મંચ શિક્ષા વિભાગ ના મહા સચિવ ગુજરાત છે. સંસ્કૃત ના પ્રોફેસર તરીકે પાટણ ખાતે ફરજ બજાવે છે કૈલાશ માન સરોવર મુક્તિ આંદોલન મહિલા સમિતિ ના ગુજરાત પ્રદેશ ના પ્રમુખ, ભૂદેવ સમિતિના રાજકોટ ના અધ્યક્ષ, પ્રોગ્રામ ઓફિસર સહકાર ભારતી ડૉ કુંજલ ને મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર, એન એસ એસ, સાંસ્કૃતિક પ્રોગ્રામ ઓફિસર ને પ્રમુખ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ના ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા ડૉ કુંજલ ને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ડૉ ગુલાબચંદ પટેલ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.